





વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

જૂન, 2012

## અમદાવાદીઓને મંત્રમુગ્ધ કરતું...







## આપણું **અમદાવાદ...** **સુરીલું** અમદાવાદ ...







આપણું અમદાવાદ...
સુરીલું અમદાવાદ...
અમદાવાદની ગાથા.. અમદાવાદનાં ગીતો..
ગૌરવભેર.. ગમ્મત સાથે...
" મંદિર, મસ્જિદ, દેરાસર કે જાળી અને મિનારા
ખડકી, પોળ, મહોલ્લામાં જીવન સહુનાં મજિયારાં
(જ્યાં) કિલ્લા, દરવાજા, તળાવ ઈતિહાસ બનીને રહે
દેશ અને દુનિયામાં જેનું નામ ગુંજતું રહે
આપણું અમદાવાદ, આપણું અમદાવાદ...."
કાવ્યપંક્તિઃ માધવ રામાનુજ
Book with DVD & Audio CD
સંપર્ક કરોઃ
Marketed by :
Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk,
Panchwati Circle, Elishbridge, Ahmedabad-380006.
Contact us : 26561834 / 35
visit us at : www.shyamalsaumil.com
પરિકલ્પના અને સંગીત
શ્યામલ-સૌમિલ
TOUCHING TUNES



11 STOREYED 3 BHK **LIVING SPACES** 5BHK **SKY BUNGALOWS**

DEV TRANQUIL

Nr. Apollo Hospital,
Bhat-Koteshvar Road
New Shahibaug,
Koteshvar, Ahmedabad.
**M :- +91 99251 50765**



2 & 3 BHK LIFESTYLE APARTMENTS

devdeep

Opp. Gurukul, Nr. Apollo Hosp.,
Bhat-Koteshvar Road
New Shahibaug,
Koteshvar, Ahmedabad.
**M :- +91 99250 18201**



2&3 BHK **luxurious apartments**

DEV PARADISE

Opp. Green Aura,
B/h, Satyamev Hospital,
C.T. Road (Chandkheda Tragad Road),
New Chandkheda, Ahmedabad.
**M :- +91 98251 07093**



4 Bhk Ultra Luxurious Bungalows

devaarya

Nr. Uma Party Plot,
B/h. Shrusti Arcade,
Visat to Koba-Gandhinagar Highway,
Motera, Ahmedabad.
**M :- +91 99251 50765**

SOHAM GROUP
SINCE 1986

**404 / E, Sahajanand Complex,**
**Opp. Swaminarayn Temple,**
**Shaibaug, Ahmedabad.**
**Phone : +91 79 2562 1582**
**E-mail : enquiry@sohamgroupindia.com**

**www.sohamgroupindia.com**

સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ
વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

# સંપાદકનું સારેગમ

## આપણું **અમદાવાદ...સુરીલું** અમદાવાદ...

વીતેલો સમય અનેકવિધ કલાપ્રવૃત્તિથી ધમધમતો રહ્યો. ગરમીના દિવસો રજાઓના દિવસો, એકલા અમદાવાદમાં જ કલા અને સાહિત્યના કેટલા કાર્યક્રમો...?! ગુજરાત રાજ્યના સ્થાપના દિનને વધાવતા અમદાવાદમાં રિવરફ્રન્ટ ઉપર વાતાનુકૂલિત વિશાળ શામિયાણામાં રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લા મૂકેલાં પુસ્તક પ્રદર્શનમાં લાખો રૂપિયાનાં પુસ્તકો વેચાયાં તે જ સાબિત કરે છે કે વાંચે ગુજરાતની ઇચ્છા ફળી રહી છે. વિવિધ વિષયના રસરૂચીના ભાવકો પોતાને મનગમતી કલા પ્રવૃત્તિમાં ઉપસ્થિત રહીને કલાકારોને પ્રોત્સાહિત કરતા થયા છે. ફોટોગ્રાફી કે ચિત્રપ્રદર્શનથી માંડીને સાહિત્યિક પરિસંવાદોમાં ભાવકો આવી રહ્યા છે. નવી પેઢી પણ એમાં પાછળ નથી. ઉદાહરણરૂપે, ઉત્સાહી યુવા કવિઓએ અમદાવાદમાં ટિકિટ શો રૂપે કવિ સંમેલનનું આયોજન કર્યું તો તેમાં પણ રસિકો સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. એક સાહિત્યપ્રેમી માતાએ જણાવ્યું કે એણે અંગ્રેજી માધ્યમમાં ભણતાં એનાં બાળકોને આ કાર્યક્રમમાં પિતાની સાથે મોકલ્યાં હતાં. કાર્યક્રમના આરંભ પહેલાં પોતાનો કંટાળો વ્યક્ત કરી ચૂકેલાં બાળકોએ કાર્યક્રમ આરંભ પછી મમ્મીને એસએમએસ કર્યો કે Awesome! Great! આપણે સૌએ આટલું જ કરવાનું છે. આપણાં બાળકોને આવા કાર્યક્રમોમાં લાવવાનાં છે. એક વાર એ આવતા થાય પછીની જવાબદારી કલાકારોની! શ્રોતાઓ ખુલ્લા મન સાથે આવતાં થાય અને કલાકારો એમને સાચવતા થાય !! કલાકારો શ્રોતાની ઋચિ ઓળખે અને શ્રોતાઓ ઉત્તમ ઋચિ કેળવે. અમે આરંભેલી 'સ્વરસેતુ'ની 'ચળવળ' આ જ દિશામાં અમારો પ્રભાવિક પ્રયત્ન છે અને એને આપ સહુના સહયોગની અપેક્ષા છે.

યાદ રહે, સેતુના બંને છેડે રહેલાઓને માટે સેતુ સૌથી અગત્યનો છે અને એને સમર્થ કરવાની જવાબદારી બંનેની છે. 'સ્વરસેતુ'ને સક્રિય રાખવાના અમારા પ્રયત્નોમાં આપનો આર્થિક સહકાર તો અપેક્ષિત છે જ, પણ સાથોસાથ મરીઝ સાહેબનો એક શેર યાદ આવે છે :

**એવો કોઇ દિલદાર જગતમાં નજર આવે**
**આપી દે મદદ, કિન્તુ ન લાચાર બનાવે!**

**-સૌમિલ મુનશી**




વર્ષઃ૨ / અંકઃ ૯ / જૂન,૨૦૧૨

તંત્રીઃ સૌમિલ મુનશી

પ્રકાશકઃ સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શકઃ તુષાર શુક્લ

ડિઝાઈન કોનસેપ્ટસ :
ઝીબ્રા આઈડીયાલૅબ

તસવીર પરામર્શનઃ સંજય વૈદ્ય, વિવેક દેસાઈ

વ્યવસ્થાઃ હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવઃ
મિરાત ભટ્ટ, જિગીષા જાની

સહાયઃ ગોપાલ પઢિયાર

કાર્યાલયઃ સ્વર સેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદવાદ-૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ - ૩૫

ઈ-મેઈલઃ
તંત્રીઃ saumilmunshi60@yahoo.co.in
પ્રકાશકઃ swarsetu@yahoo.com

છૂટક મૂલ્યઃ ચ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાંઃ ચ૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાંઃ અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

( નોંધ : લવાજમની રકમ રોકડથી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.

માલિક : વન્ડર વેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ વતી પ્રકાશક મુદ્રક સૌમિલ મુનશીએ ૭૦૭, શીતીરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), અલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬ ખાતેથી પસિદ્ર કર્યું. મુદ્રણ સ્થાન : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., ૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨

# હવામાં આજ...

હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી
મોડી રાતે મેઘ વિખાયો ભાર હૈયાનો કીધો ખાલી-હવામાં

તૃણે તૃણે પાને પાને,
ઝાકળ બિંદુ ઝબકે જાણે,
રાતે રંગીન નિહારિકા ધરતી ખોળે વરસી ચાલી -હવામાં

રમતાં વાદળ ગિરિ શિખરે
મધુર નાની સરીત સરે
દૂર દિગંતે અધીર એનો પ્રીતમ ઉભો વાટ નિહાળી-હવામાં

રવિ તો રેલે ન્યારા,
સોનેરી સૂરની ધારા
વિશાળે ગગન ગોખે જાય ગૂંથાતી કિરણ જાળી-હવામાં

મન તો જાણે જૂઈની લતા,
ડોલે, બોલે સુખની કથા
આજ ઉમંગે નવ સુગંધે ઝૂલે એ તો ફૂલી - ફાલી-હવામાં

શબ્દરચના : **નાથાલાલ દવે**, સ્વરરચના અને સ્વરલિપિ : **ભાઈલાલભાઈ શાહ**, સૌજન્ય : **વિદ્યાવિહાર ગીતમાલા.**

કવિ નાથાલાલ દવે આ રચના દ્વારા વર્ષાઋતુના આગમનથી કુદરત કેવી સુંદર શોભા ધારણ કરે છે, તે કલાત્મક રીતે વર્ણવે છે વરસાદના આગમનના એંધાણ માત્રથી કુદરત સોળે કળાએ ખીલી ઉઠે છે, ધરતી ખુશખુશાલ થઇ લીલીછમ બની જાય છે. નિહાર બિંદુ પાંદડા પર ટંકાય છે, આવા અદ્‌ભૂત માહોલની અસર માનવ મન પર અચૂક થાય છે. વિદ્યાવિહાર ગીતમાલામાંથી આ સુંદર કાવ્યની સ્વરરચના અને સ્વરલિપિ આપના માટે.

## हवामां आज

राग मिश्र माढ | ताल दादरा | द्रुतलय

### स्थायी

| × | | | ० | | | × | | | ० | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | प | प | प | ध | म | म | ध | प | प | ध |
| | | ह | वा | मां | ऽ | आ | ज | व | हे | छे | ऽ |
| म | म | प | म | ग | म | (ग)रे | –रे | ग | म | प | – |
| ध | र | ती | के | री | ऽ | खु | ऽश | खु | शा | ली | ऽ |
| प | ध | सां | सां | सां | – | (प)सां | –सां | सां | सां | सां | – |
| मो | डी | ऽ | रा | ते | ऽ | मे | ऽध | वि | खा | यो | ऽ |
| (ध)नी | –नी | सां | नी | ध | नी | प | प | – | नीध | नी | *प |
| भा | ऽर | है | या | नो | ऽ | की | धो | ऽ | खाऽ | ली | ऽ |

### अंतरा–१

| × | | | ० | | | × | | | ० | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| प | ध | प | म | ग | म | (ग)रे | रे | ग | म | प | – |
| तृ | णे | ऽ | तृ | णे | ऽ | पा | ने | ऽ | पा | ने | ऽ |
| प | प | नी॒ | ध | नी॒ | – | प | प | नी॒ | ध | प | – |
| झा | क | ळ | बि | न्दु | ऽ | झ | ब | के | जा | णे | ऽ |
| प | ध | सां | सां | सां | –सां | (प)सां | सां | – | सां | सां | – |
| रा | ते | ऽ | रं | गो | ऽन | नि | हा | ऽ | रि | का | ऽ |
| नी | नी | सां | नी | ध | नी | प | प | प | नीध | नी | *प |
| ध | र | ती | खो | ळे | ऽ | व | र | सी | चाऽ | ली | ऽ |

### अंतरा–३

| × | | | ० | | | × | | | ० | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | प | प | प | ध | म | प | पध | म | ग | – |
| | | र | वि | तो | ऽ | रे | ले | ऽऽ | न्या | रा | ऽ |
| – | – | नी | ध | नी | प | प | प | नी | ध | प | – |
| ऽ | ऽ | सो | ने | री | ऽ | सू | र | नी | धा | रा | ऽ |
| – | – | प | प | ध | सां | सां | सां | सां | सां | सां | – |
| ऽ | ऽ | वि | शा | ळे | ऽ | ग | ग | न | गो | खे | ऽ |
| नी | –नी | सां | नी | ध | नी | प | प | प | नीध | नी | प* |
| जा | ऽय | गूं | था | ती | ऽ | कि | र | ण | जा | ळो | ऽ |
| | | प | प | प | ध | म | म | ध | प | प | ध |
| | | ह | वा | मां | ऽ | आ | ज | व | हे | छे | ऽ |
| म | म | प | म | ग | म | ग रे | –रे | ग | म | प | – |
| ध | र | ती | के | रो | ऽ | खु | ऽश | खु | शा | ली | ऽ |

(બીજો તથા ચોથો અંતરો પહેલાં અંતરાની જેમ જ ગાઈ શકાશે.)



નંદિની ત્રિવેદી



## हमें तुम से प्यार कितना...

# બેગમ પરવીન સુલતાના

શાસ્ત્રીય સંગીતની સામ્રાજ્ઞીનું બિરુદ મેળવ્યું હોવા છતાં અત્યંત સાલસ, સરળ અને મોજીલું વ્યક્તિત્વ ધરાવતાં બેગમ પરવીન સુલતાનાના નામથી કોઈ અજાણ હોઈ શકે? આ સુપ્રસિદ્ધ ગાયિકા સાથે વાત કરીએ તો સંગીત સિવાય પણ અનેક રસપ્રદ વાતોના ખજાના ખૂલે.

ત્રણે સપ્તકમાં સહજતાથી ગાઈ શકતાં પરવીનજીની સ્વરની રેન્જ જેટલી વિશાળ છે એટલી જ જીવનના રસની પણ. પરવીનજીએ એમનું પહેલું પરફોર્મન્સ ફક્ત ૧૨ વર્ષની વયે આપ્યું હતું. ૧૯૬૫થી તેમનું સંગીત રેકોર્ડબદ્ધ પણ થયું છે. ગદર, કુદરત, દો બૂંદ પાની અને પાકીઝા જેવી ફિલ્મોમાં ગાનાર પરવીનજીનું 'હમે તુમ સે પ્યાર કિતના' ગીત ખૂબ લોકપ્રિય થયું હતું.

તેમના ગુરુ અને પતિ દિલશાદ ખાન સાથે અનેક કોન્સર્ટ્સ કરી ચૂકેલાં પરવીનજીને પદ્મશ્રી એવોર્ડ મળી ચૂક્યો છે. ગાંધર્વ કલાનિધિ, મિયાં તાનસેન, સંગીત નાટક અકાદમી એવોર્ડ્સથી પણ તેઓ વિભૂષિત થયાં છે.

બાન્દ્રાથી શિફ્ટ થઈને કાંદિવલીના વિશાળ, કલાત્મક એપાર્ટમેન્ટમાં રહેવા આવેલાં પરવીનજી મોહક સ્મિત સાથે વાત માંડે છે.

**મુખ્ય શોખઃ** કૂકિંગ. જમવું, જમાડવું અને રાંધવું ત્રણેની હું શોખીન. મારા આ શોખની ઘણાને ખબર પણ છે એટલે કોઈક નવી રેસ્ટોરાં ખૂલી હોય તો મને આમંત્રણ હોય જ! એ સિવાય મને ઉત્તમ ફિલ્મો અને નાટકની ડીવીડી ખરીદીને જોવાનો બહુ જ શોખ છે. સંગીત તો મારી રગ રગમાં છે તેથી હું કિચનમાં હોઉં કે બેડરૂમમાં, વેસ્ટર્ન ક્લાસિકલ સંગીત મારા ઘરમાં રેલાતું જ હોય!

> **મને ફિલૉસૉફિકલ પોએટ્રી વધુ આકર્ષે છે. ઉર્દૂ શાયર ગાલિબ અને ઝૌકની શાયરીમાં પ્રગાઢ ઊંડાણ અને અપાર વૈવિધ્ય છે. એમને વાંચવાનો નશો જ કંઈક અલગ!**

**પ્રિય પુસ્તકઃ** એક જમાનામાં હું ઘણી નોવેલ્સ વાંચતી હતી. હવે બિલકુલ સમય નથી મળતો. છતાં, મને લેખિકા પર્લ બક પ્રિય છે. એમણે લખેલાં કેટલાંય પુસ્તકો ઘણાં ઈન્ટરેસ્ટિંગ છે. અદ્ભુત ફિલ્મ 'ગાઈડ' પણ એમનો જ પ્રોજેક્ટ હતો. સ્ક્રિપ્ટ રાઈટિંગમાં એમનું પ્રદાન નોંધનીય હતું. પર્લ બકનું લખાણ ખૂબ સરળ અને સ્ટોરી સૉફ્ટ હોવાથી હૃદયસ્પર્શી બને છે. તેઓ એક એક પ્રોફાઈલ એવાં લે કે તમને જકડી રાખે. સ્ત્રી સમસ્યા વિશે પણ તેમણે ખૂબ લખ્યું છે.

**પ્રિય લેખકોઃ** પર્લ બક તો ખરી જ. એ સિવાય મને રવીન્દ્રનાથ ટાગોરનું લખાણ તેમજ કેટલાક આસામી લેખકો પણ ગમે છે. હું મૂળ આસામની છું ને!

**પ્રિય કવિઃ** મને ફિલૉસૉફિકલ પોએટ્રી વધુ



આકર્ષે છે. ઉર્દૂ શાયર ગાલિબ અને ઝૌકની શાયરીમાં પ્રગાઢ ઊંડાણ અને અપાર વૈવિધ્ય છે. એમને વાંચવાનો નશો જ કંઈક અલગ!

**મનગમતી ફિલ્મોઃ** કેટલી યાદ કરું? હું ફિલ્મોની ભારે શોખીન છું. પાકીઝા, ઉમરાવ જાન ટાઇપની ફિલ્મો વધુ ગમે. ટેન કમાન્ડમેન્ટ્સ, બેનહર ખૂબ જ ગમી હતી. ટોમ ક્રુઝની હું ફેન છું. શાહરુખ ખાન પણ ગમે છે. હમણાં મેં ડોન-ટુ જોઈ જે મને સારી લાગી. ખાસ તો, શાહરુખની એક્ટિંગ. ટોમ ક્રુઝની મિશન ઇમ્પોસિબલ પણ અદભુત ફિલ્મ છે.

**પ્રિય વાનગીઃ** મોગલાઇ ડીશ સૌથી પ્રિય કબાબ, બિરયાની હોય તો જલસો પડી જાય. ચાઈનીઝ સૂપ પણ મજેદાર હોય છે.

## પ્રિય સંગીત અને સંગીતકાર

શાસ્ત્રીય સંગીતમાં ખયાલ સિંગિંગ મારી જાન છે. ફિલ્મ સંગીતમાં સૌથી પસંદીદા મદનમોહનજી, નૌશાદજી અને આર.ડી. બર્મન. 'નૈના બરસે રિમઝિમ રિમઝિમ', 'લગ જા ગલે', 'મેરે મેહબૂબ તુઝે મેરી મહોબ્બત કી કસમ...' આહા, શું અવિસ્મરણીય ગીતો છે એ બધાં! હજાર વાર સાંભળો તોય કંટાળો ના આવે! અને શાસ્ત્રીય સંગીતમાં દિલશાદ ખાન, જે ખૂબ સારા કમ્પોઝર, પરફોર્મર, મારા ગુરુ અને મારા પતિ છે. બાકી, ઉ. અમીરખાં સાહેબ, બડે ગુલામ અલીખાં, પં. રવિશંકરજી, ઉ. બિસ્મિલ્લાખાં જેવા અનેક લેજન્ડ્સ તો ગમે જ ગમે.

અને તમારી ગુજરાતી વાનગીઓનું તો પૂછવું જ શું? ખાંડવી-ઢોકળાંનું નામ પડતાં જ મોંમાં પાણી આવી જાય.

**તમે કઇ વાનગી સર્વશ્રેષ્ઠ બનાવો છો?**
અરે, મારા હાથની બિરયાની અને કબાબ તો ભલભલા દિગ્ગજોએ ખાઈને વખાણી છે. ઉ. અલી અકબરખાં, પં. નિખિલ બેનરજી સહિત કેટલાય કલાકારોને મેં પ્રેમપૂર્વક જમાડ્યા છે. એવી એવી તારીફ મેળવી છે કે મારા હાથની રસોઈ ખાઈને તેઓ બોલી ઊઠે કે, ''પરવીનજી, હમેં તો લગતા હૈ કિ આપ કે હાથ કો ચુમ લે!'' અને પ્રશંસા કોને ન ગમે? સ્ત્રીઓને તો ખાસ ગમે (હસીને કહે છે). આપણે સ્ત્રીઓ

રસોઈ બનાવવા ખાતર નથી બનાવતાં, એમાં પ્રેમ, લાગણી બધું ઉમેરીએ છીએ, ફિર તારીફ તો હોની હી ચાહિયે ના! કોઈ કદર ના કરે તો રસોઈ બનાવવાની મજા આવે?

**મનગમતાં પર્ફ્યૂમ્સ ક્યાં?** ઓહોહો... પર્ફ્યૂમ્સ તો મને બહુ, બહુ જ ગમે. મારી લેટેસ્ટ ડિસ્કવરી છે 'કેરલીના હરારે'. ફેન્ટાસ્ટિક છે. એ સિવાય નીના રિક્કી, ઓપિયમ, પોઈઝન, કેન્ઝોર, પેરિઝ સહિત અનેક બ્રાન્ડેડ પર્ફ્યૂમ્સ હું વાપરું છું. સરસ કોસ્મેટિક્સનો પણ મને શોખ છે. વિદેશ જાઉં તો બેસ્ટ બ્રાન્ડની લિપસ્ટિક અને કાજલ તો ખરીદું જ. અને મોલમાં પહેલી નજર પર્ફ્યૂમ્સ પર જ પડે.

**પ્રેમ એટલે શું?** લવ ઈઝ ડિવાઈન. સાચા પ્રેમમાં દેવત્વ, પવિત્રતા હોય જ. ડિવિનિટી ન હોય તો એ પ્રેમ સફળ ન થઈ શકે એમ મને લાગે છે. પ્રેમ આપોઆપ થઈ જાય છે, ગુણ-અવગુણ, સારું-નરસું ચકાસીને પ્રેમ થાય તો એ સ્વાર્થ હોય છે, પ્રેમ નહીં. પ્રેમમાં સાચા પ્રેમની જ ગેરહાજરી હોવાથી ડિવોર્સ કેસ વધી રહ્યા છે એ ખેદજનક છે.

**જીવનસાથી કેવા ગમે?** હું હંમેશાં પ્રાર્થના કરતી કે હે ભગવાન, મને એવો જીવનસાથી આપજે, જે મારા મનની શાંતિને બરકરાર રાખે અને મારા સંગીતને ડિસ્ટર્બ ન કરે. હું નસીબદાર છું કે મને એવા જ જીવનસાથી- દિલશાદખાં સા'બ મળ્યા છે. અમારો પ્રથમ નજરનો પ્રેમ હતો. મને લાગે છે કે કોઈક વ્યક્તિને જોતાંની સાથે જ એના માટે જુદા પ્રકારની લાગણી થાય, એની સતત કાળજી લેવાની ઈચ્છા થાય એ જ ખરો પ્રેમ હોય છે.

**ગુણ-અવગુણ, સારું-નરસું ચકાસીને પ્રેમ થાય તો એ સ્વાર્થ હોય છે, પ્રેમ નહીં. પ્રેમમાં સાચા પ્રેમની જ ગેરહાજરી હોવાથી ડિવોર્સ કેસ વધી રહ્યા છે એ ખેદજનક છે.**

**પ્રિય પ્રવાસસ્થળ?** કેનેડામાં એક સ્થળ છે રોકી હિલ્સ. આવી સુંદર જગા અને ત્યાંના સરોવરનો અદ્ભુત લાઈટ ગ્રીન કલર મેં બીજે ક્યાંય જોયો નથી. કુદરતનો નજારો એવો બેમિસાલ છે કે સરોવરની આસપાસ બર્ફીલી હિલ્સ છે, હજારો વર્ષથી બરફ પડી પડીને ત્યાં બર્ફીલા રોક્સ બની ગયા છે. એટલે ચારે બાજુના ખડક પર બરફની સફેદ ચાદર અને એની વચ્ચે ગ્રીન કલરનું લેક લુઈસ! અતિ સુંદર દ્રશ્ય લાગે! મને કુદરત સાથે રહેવું બહુ જ ગમે છે. હું આસામની છું. ત્યાંનું કાઝીરંગા ફૉરેસ્ટ અને વાઈલ્ડ લાઈફ પણ એટલાં જ પ્રિય. ત્યાં તો બસંત-બહાર એમ બધી ઋતુઓની મજા જ કંઈક જુદી હોય છે. યુરોપ પણ મને ખૂબ વહાલું છે. ફ્રાન્સની કન્ટ્રીસાઈડ સુપર્બ છે. અને રશિયાની તો શું વાત જ કરવી? ત્યાંની મહેમાનનવાઝી, મ્યુઝિક, ડાન્સ અને આઈસ કેક આહા!! શું શું યાદ કરવું? તઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાનમાં જે પ્યાર-મહોબ્બત લોકોનાં જોયાં છે એ અવિસ્મરણીય છે.

**તમારે માટે સ્ટ્રેસબસ્ટર શું છે?** બેડરૂમમાં બે-ત્રણ કલાક ભરાઈ જઈને પ્રાણાયામ અથવા યોગ કરીને રિલેક્સ થાઉં અથવા મગજને બીજી દિશામાં વાળવા ટી.વી. કે ફિલ્મ જોઉં. મન અન્ય દિશામાં વાળી દઈએ તો સ્ટ્રેસ ઓછો થઈ જાય.

**તમારે માટે સૌથી મૂલ્યવાન શું?** જિંદગી જ. હા, જેનો કોઈ ચોક્કસ મકસદ હોય એવી જિંદગી. ઈશ્વરે તમને આ અણમોલ ભેટ આપી છે એને તમે વેડફો તો એ ગુનો કર્યો કહેવાય. ભગવાનને શું મોં બતાવશો? ભગવાને મને સંગીતસભર જિંદગી આપી છે તો હું એનો શ્રેષ્ઠ ઉપયોગ કરું, લોકોની સેવા કરી શકું તો જ એ જિંદગીનું મૂલ્ય સાચું ગણાય.

**લોકોની કઈ બાબત નથી ગમતી?** વિશ્વાસઘાત, છેતરપિંડી.

**પુનર્જન્મ હોય તો શું બનવાનું પસંદ કરો?** હું બિલકુલ માનતી નથી. આ જ જિંદગીને સર્વશ્રેષ્ઠ જીવવી છે.





રઈશ મણિયાર

કવિતા ક્યારેક ઉપદેશ આપે પણ કવિ સંત નથી. કવિતા ક્યારેક હસાવે પણ કવિ વિદૂષક નથી. કવિ માત્ર સહૃદય છે. પોતાના રોજિંદા સુખઃદુખથી પર થઇને એક અલગારીપણું ધારણ કરી જગતને જોવું, સમજવું અને રજૂ કરવું એ એની બીમારી પણ છે અને એ જ એનો ઇલાજ પણ છે. કવિતા લખીને એ પોતાની પીડાનું આનંદમાં રૂપાંતર કરે છે અને કવિતા સંભળાવીને એ બીજાની પીડાનું પણ આનંદમાં રૂપાંતર કરે છે અને આ પીડાનું આનંદમાં રૂપાંતરિત થવુંય જરૂરી નથી. એ પીડા સમજાઇ જાય ને, એટલે બસ! એનીય હળવાશ હોય છે. રમેશ પારેખની એક કવિતા જોઇએ...



# કીડીની ભાષા તમે સમજો છો?



શું ઉદ્યમ કરો છો ભાઈ  
કીડીના પગરખાં બનાવું છું  
પગરખાં કીડીનાં?  
હા, જાતજાતનાં ફેન્સી  
કોણે સોપ્યું આ કામ?  
ઈશ્વરે  
તેણે આવો આદેશ આપ્યો?  
હા  
મોઢામોઢ?  
ના કીડી દ્વારા  
કીડીની ભાષા તમે સમજો છો?  
હા, સપનામાં બધી ભાષા સમજાય.  
ઇશ્વર પોતે આ કામ કેમ નથી કરતો?  
કામ એના ગજા બહારનું છે તેથી  
પણ તમને જ કેમ સોંપ્યું આ કામ?  
કવિ છું એટલે  
એક બીબું બનાવી લો તો ન ચાલે?  
ના પ્રત્યેક કીડીની પસંદ અલગ હોય.  
જેમ કે ?  
જેમ કે સેંડલ, હાફ શૂ, હોલબૂટ. ચમ્પલ, સપાટ, સ્લીપર...  
પગરખાં બનાવવા કયું મટિરિયલ વાપરો?  
ચામડું  
કયા પશુનું?  
શબ્દનું  
કેટલાં પગરખાં બન્યાં આજ સુધી?  
એક્કેય નહીં  
તો?  
જગતની સર્વ કીડીઓ રાહ જોઇ રહી છે પોતપોતાનાં પગરખાંની

\- રમેશ પારેખ



'તોય આખા વિશ્વને લેવા ચહું છું બાથમાં' - કવિ રમેશ પારેખ

કીડી વિશેની આ કે આવી કોઈપણ કવિતા અર્થઘટનની મોહતાજ નથી. જેમ દરેક કીડીનું પોતપોતાનું પગરખું હોય એમ દરેક ભાવકનું પોતપોતાનું અર્થઘટન હોય. ઘણીવાર અર્થઘટનની જરૂર હોતી જ નથી, ભાવસંઘટન થાય એટલે બસ. જેમ સ્વજનની આંખોની અથવા સ્પર્શની ભાષા સમજાય તો બોલાયેલી ભાષાની જરૂર નથી હોતી, એમ કાવ્યનો, કે અન્ય કોઈપણ કલાનો ધબકાર અનુભવી શકાય તો એ અનુભવને શબ્દમાં રૂપાંતર કરવો જરૂરી નથી. કોઈ પણ વસ્તુને અતિસ્પષ્ટ કે અતિસરળ કરી નાખવામાં, એ જોવું જોઈએ કે આપણે એને ચૂંથી તો નથી નાખતા ને!

**ગૂંચ જીવનની જ્યારે ઉકેલાય છે**
**માત્ર દોરા જ હાથોમાં રહી જાય છે**

કવિતા શું કે જીવન શું, બન્નેમાં ગૂંચ અને છૂટાછવાયા દોરા આ બે છેડાની વચ્ચેની અવસ્થામાં ક્યાંક અદશ્ય એકસૂત્રતા હોય તો હોહા કર્યા વગર એને પામી લેવાની હોય છે. પ્રત્યેક વ્યક્તિ વિશાળ અર્થમાં એક જ સંસારમાં જીવે છે, છતાં સૌનો સંસાર નોખો છે.

**આપણા સૌની શાંતિ અને અશાંતિનાં કારણો અને સાધનો જુદાં હોય છે. દરેક માણસે અંગત સ્તરે પોતાના જીવનનો અર્થ પામવાનો છે, પછી ભલે એ પોતાની પહોંચ કે હોંશ અનુસાર ઉપરછલ્લો કે ઊંડાણભર્યો હોય.**

જે ઘાટ પરથી તમે જેવી ગંગાનું આચમન કરો છો, એવી તમારી અંગત 'ગંગાનુભૂતિ' કેળવાય. ગંગોત્રીની ગંગા અલગ, હરદ્વારની ગંગા અલગ, વારાણસી, અલાહાબાદ અને કોલકાતાની ગંગા અલગ. દરેકનો પ્રવાહ અલગ, દરેકનો પટ અલગ, દરેકના જળમાં ઝિલાતાં સૂર્ય અને વાદળના તડકા-છાંયડા અલગ. એમ સંસારની પ્રત્યેક કીડી અને પ્રત્યેક માનવીની ચાલ અલગ, ચરણ અલગ, પેંગડા અલગ અને આંટણ અલગ!

આપણા સૌની શાંતિ અને અશાંતિનાં કારણો અને સાધનો જુદાં હોય છે. દરેક માણસે અંગત સ્તરે પોતાના જીવનનો અર્થ પામવાનો છે, પછી ભલે એ પોતાની પહોંચ કે હોંશ અનુસાર ઉપરછલ્લો કે ઊંડાણભર્યો હોય. કોઈ માણસ પોતાની અંગત સલામતી પૂરતો જીવનનો મર્યાદિત કે સંકુચિત અર્થ શોધીને બેસી રહે એમ પણ બને, અને કોઈ કવિ વિશાળ અર્થમાં સંસારનો સર્વગ્રાહી કે સર્વવ્યાપી અર્થ શોધવા જાય તો એનો પનો ટૂંકો પડે એવુંય બને. એક શકીલ બદાયૂનીનો અને એક રમેશ પારેખનો શેર જોઈએ:

**કૌન રોતા હૈ કિસી ઔર કે ખાતિર અય દોસ્ત**
**સબકો અપની હી કિસી બાત પે રોના આયા.**

કોઈના પતિ કે પુત્રના મોત પર રડતી સ્ત્રી ક્યારેક સહાનુભૂતિથી રડતી હોય, પણ મોટેભાગે તો 'પોતાની સાથે આવું થાય તો શું થાય' એની કલ્પના કરીને રડતી હોય છે. બીજા છેડે રમેશભાઈ કહે છેઃ

**આમ તો છું એક પરપોટો સમયના હાથમાં,**
**તોય આખા વિશ્વને લેવા ચહું છું બાથમાં.**

સ્થળ અને સમયની દષ્ટિએ આ બ્રહ્માંડ અફાટ છે અને છ ફૂટનો દેહ અને છ દાયકાનું આયખું લઈને આવેલ વ્યક્તિ પરપોટાની જેમ ક્ષણભંગુર અથવા કહો કે, સ્પર્શભંગુર છે. છતાં વ્યક્તિ સમષ્ટિને બાથમાં લેવા માંગે છે, એક નાનો ગોળાકાર પરપોટો, મોટા ગોળકાર વિશ્વને બાથમાં લેવા માંગે છે! આ મિલન એ એનું સ્વપ્ન છે અને એમ કરતાં ચકનાચૂર થઈ જવું એ એની નિયતિ છે.

આ શેરમાં સમસ્ત વિશ્વ પ્રત્યે કરુણા ધરાવતા વ્યક્તિની લાચારી ઝળકાય છે કે એનું ઝનૂન પડઘાય છે, એ નક્કી કરવું સહેલું નથી. અને ખરું પૂછો તો, એ નક્કી કરવું જરૂરી પણ નથી.





## ફડિયા પરિવાર દ્વારા

# અનુપ જલોટાનું અનોખું સન્માન

તાજેતરમાં અનુપ જલોટાને રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેના અનુસંધાને અમદાવાદમાં ઘણી બધી સાંસ્કૃતિક પ્રવૃતિઓના પ્રણેતા તેમજ એક પારદર્શક, લાગણીશીલ શ્રોતા તરીકે કલાકારોના માનસપટ પર અંકિત રહેલા સ્વર્ગસ્થ અનિલ ફડિયાના કુટુંબીજનો દ્વારા ૨૭મી મે ના રોજ એક સ્નેહમિલન સમારંભનું આયોજન અમદાવાદની સ્પોર્ટ્સ ક્લબ ખાતે કરવામાં આવ્યું હતું. યોજાયેલા આ કાર્યક્રમમાં ભજનને એક આગવો દરજ્જો અપાવનાર એવા લોકપ્રિય ગાયક અનુપ જલોટાનું અમદાવાદના સુજ્ઞ ભાવકોની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું આયોજન ઈન્દીરાબહેન ફડિયા તથા તેમના પુત્ર મોનલ ફડિયા અને પુત્રી સોનલ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફડિયા પરિવારના સિદ્ધાર્થભાઈએ



પદ્મશ્રી અનુપ જલોટાને અભિનંદન પાઠવતો મુનશી પરિવાર.

અનુપજીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અમદાવાદના મેયરશ્રી હસિત વોરાએ અભિનંદન પાઠવી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. જ્યારે અમી મોનલ ફડિયા અને સોનલ શાહે અનુપ જલોટાએ તેમના ગુરુ અને પિતા એવા પુરૂષોતમ જલોટાની મુખાકૃતિવાળું 2-D Portrait અર્પણ કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદના જાણીતા કલાકારો રાસબિહારી દેસાઈ, જનાર્દન રાવલ, બંકિમ પાઠક, દક્ષા ગોહિલ, અનિકેત ખાંડેકર, શ્યામલ-સૌમિલ તથા આરતી મુનશી. ગૌરાંગ વ્યાસ, અંબરીશ પરીખ, નીરજ પરીખ, માતંગ પરીખ, એશ્વર્યા મજમુદાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા IAS અધિકારી રવિ સક્સેના પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અનુપ જલોટાના શિષ્ય તેમજ જાણીતા ગાયક નયન પંચોલીએ સરસ્વતી વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

આ પ્રસંગે અનુપ જલોટાએ પોતાના પરમમિત્ર અનિલ ફડિયાને યાદ કર્યા હતા. કાર્યક્રમમાં પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે પોતાની ઉપલબ્ધિઓ, પોતાને મળેલ માન સન્માનના 'મુકુટ' પહેરીને ફરવું ન જોઈએ. અને સ્ટેજ પરની સ્વ-જવાબદારીનો ખ્યાલ રાખવો જોઈએ. પદ્મશ્રીના આ સન્માન બદલ તેમણે તેમના માતા તથા ગુરુ પિતાનું સ્મરણ કર્યું હતું. અને મનપસંદ હિન્દી ફિલ્મી ગીતો રજૂ કરી હાજર રહેલા સૌને આનંદિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ તુષાર શુક્લએ કર્યું હતું. મોંઘેરી મૈત્રીની મિરાત એવા શબ્દ અને સુરના ત્રિવેણીસંગમ સમો આ કાર્યક્રમ સૌ ભાવકો માટે સંભારણું બની રહેશે.



રાજેન્દ્ર પટેલ




# મૂલ્યોની ત્રિવેણી

## ભોળાભાઈ પટેલ

જીવનમૂલ્ય, સૌંદર્યમૂલ્ય અને સાંસ્કૃતિકમૂલ્ય – એ ત્રણેયનું સાયુજ્ય ભોળાભાઈ પટેલમાં જોવા મળતું. એક સાહિત્યકારમાં સાહિત્યની, સમાજની એક સાથે આવી વ્યાપક નિસબત ભાગ્યે જ જોવા મળે. બે વર્ષ પૂર્વે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને 'વિશ્વ પરંપરા દિવસ' અંતર્ગત એક આખું અઠવાડિયું ઊજવેલું, તેમાં લાંબેશ્વરની પોળમાં આવેલા દલપતરામના શિલ્પથી દેસાઈની પોળમાં આવેલા અખાના શિલ્પ સુધી નગર કાવ્ય–યાત્રાનું પરિષદે આયોજન કરેલું. ભોળાભાઈએ પગમાં મુશ્કેલી હતી તોય એ આખો વખત ચાલતા રહ્યા, એટલું જ નહીં કવિ પ્રિયકાન્ત મણિયારની દુકાન પાસે જઈ ફૂટપાથ પર એમના કાવ્યોનો પાઠ કરી, કવિનું ખૂબ ભાવથી સ્મરણ કર્યું. ચંદ્રવિલાસના ફાફડા–જલેબી ખાતા–ખાતા મનહર મોદી, આદિલ મન્સૂરીને યાદ કર્યા. પિનાકિન ઠાકોર અને બુધસભાને યાદ કરી. ભોળાભાઈ જાણે એ સમયમાં જ સરી ગયા. એમના ચહેરા પરની એવી પ્રસન્નતા છેલ્લે રવીન્દ્ર મહોત્સવમાં જોવા મળી હતી. એક નખશિખ મનુષ્ય અને ભાષા–સાહિત્યને સંપૂર્ણ સમર્પિત સાહિત્યકાર કેવા હોઈ શકે એનું જાણે આદર્શ ઉદાહરણ એ હતા.

હમણાં યોજાયેલા રાષ્ટ્રીય પુસ્તક–મેળાના 'લેખક સાથે મુલાકાત' નામના કાર્યક્રમમાં ભોળાભાઈએ બંગાળી ભાષામાં રવીન્દ્રનાથના અને જીવનાનંદ દાસના કાવ્યોનું મૌખિક પઠન કરેલું. એ સાંભળી શ્રોતાઓમાં બેઠેલા એક સામાન્ય વ્યક્તિએ ઊભા થઈ જાહેર કરેલું કે 'આજે હું નિર્ધાર કરું છું કે હવેથી હું બંગાળી ભાષા શીખીશ. કારણકે કેટલી સરળ, સહજ અને મધુર છે આ ભાષા'. આમ તો આ શ્રેષ્ઠ આસ્વાદક. જીવનાનંદ દાસની કવિતા વનલતાસેનનો આસ્વાદ ભોળાભાઈ પાસે સાંભળવો એય એક સર્જનાત્મક અનુભવ છે. એક–એક કલ્પના અને કવિ–સંવેદનાઓ એ જે સહજ ખોલી મૂકે તે પ્રક્રિયા જ આસ્વાદક એવી હોય તે ચિત્તમાં કાયમ અંકિત થઈ જાય. સૌંદર્યલક્ષી અભિગમ અને કૃતિ વિશેષોને પોતાની રીતે મૂકવાની ફાવટ સમગ્ર કાવ્યને જુદા જ પરિમાણે મૂકી આપે.



અંતિમ સન્માનઃ અવસાનના થોડા દિવસ પહેલા જ (૧૧મી મે ના રોજ) 'આપણું અમદાવાદ સુરીલું અમદાવાદ' કાર્યક્રમમાં 'સ્વરસેતુ' અને 'ધર્મદેવ' દ્વારા ભોળાભાઈનું 'પતંગ નગરરત્ન' એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

એમની આસ્વાદમૂલક અભિવ્યક્તિમાં એમનો સાત–સાત ભાષા સાથેનો જીવંત સંદર્ભ ઉમેરાતો હોય છે. ત્યારે કૃતિ એક નવી જ ભૂમિકાએ અવગત થતી રહે છે. એટલે જ એ આસ્વાદમૂલક સમીક્ષાઓ વિસ્મયથી થઈ જતી હોય છે.

એ પ્રશિષ્ટના આગ્રહી એટલા જ અનુરાગી. કાલિદાસમા સાહિત્યને નિત્ય પરિશીલનમાં સેવ્યું છે. પ્રશિષ્ટ તરફી શૈલીમાં એમની રસિકતા પણ ઉમેરાય એટલે એક નવી ભૂમિકા સાંપડે. આવા પ્રશિષ્ટના આગ્રહી ભોળાભાઈ સાહિત્યના નવસાહિકોની સતત પડખે રહેતા. પ્રેમથી બધું બતાવે. એમની સાહિત્ય પદાર્થ માટેની વ્યાપક નિસબત હતી. એકવાર હું, રવીન્દ્રનાથ અને શ્રી અરવિંદનાં કાવ્યોનો તુલનાત્મક અભ્યાસ કરવાનું સાહસ કરી બેઠો. વચ્ચે અટવાયો. મૂંઝાયો. ભોળાભાઈને વાત કરી. બીજે દિવસે બે–ત્રણ દળદાર પુસ્તકોમાં ફ્લેપ મૂકી, રીક્ષામાં બેસી જાતે મને આપવા આવ્યા. કહે ‘અહીં આ જુઓ, અહીં આ વાંચો’, મારા માટે નવી બારી ખૂલી અને મારો લેખ સરસ રીતે પૂરો થયો.

ભોળાભાઈ હોય એટલે વાતાવરણ આખું હર્યુંભર્યું અને લીલુંછમ રહે. તાજગીસભર રહે. વિનોદ અને માર્મિક સંવાદોથી સમય ક્યાં ચાલ્યો જાય ખબર જ રહે નહીં. એમની વિષય પરત્વેની તત્ત્વસમૃદ્ધિ હંમેશા કશુંકને કશુંક નવું દર્શાવે રાખે. હંમેશા નવા વિચારો લઈને આવે. ભોળાભાઈનું વ્યક્તિત્વ જ ખૂબ મધુર. એક સંસ્કારિતા અને વિદ્યાપુરુષની છબિ હંમેશાં મળનારના ચિત્તમાં ઝિલાતી રહેતી. એમને પ્રવાસ–પુરુષ પણ કહેવામાં આવે છે એ યોગ્ય જ છે. અનેક પ્રવાસો કર્યા. ‘વિદિશા’થી આરંભાયેલી આ પ્રવાસનિબંધોની યાત્રા નિરંતર ચાલું રહી. એમના પ્રવાસનિબંધો કેવળ પ્રવાસ–વર્ણન કે પ્રવાસ–કથન ન રહેતા સંસ્કૃતિ–વિશેષ સંદર્ભો એમાંથી સતત અવગત થતા રહે છે. એ રીતે કાકાસાહેબ પછીના આ નિબંધો ગુજરાતી ભાષાનું ઘરેણું બની રહ્યાં.

એક અર્થમાં ભોળાભાઈ જીવનપર્યંત ઉત્તમ શિક્ષક રહ્યા. એમના શિષ્યો ને જે રીતે એમણે તૈયાર કર્યા છે એ જોતા એક ઉત્તમ પરંપરાને એમણે જીવતી રાખી છે. એમણે માત્ર માર્ગદર્શન નથી આપ્યું, પણ દિશાદર્શન આપ્યું છે. માર્ગદર્શન આપનારા વડીલો મળી જ રહે છે, પણ દિશાદર્શન પૂરૂં પાડનારા કોઈક જ હોય છે. એ પોતે એટલા બધા અંદરથી સમૃદ્ધ હતા કે સહજ રીતે એ

> **ભોળાભાઈ હોય એટલે વાતાવરણ આખું હર્યુંભર્યું અને લીલુંછમ રહે. તાજગીસભર રહે. વિનોદ અને માર્મિક સંવાદોથી સમય ક્યાં ચાલ્યો જાય ખબર જ રહે નહીં. એમની વિષય પરત્વેની તત્ત્વસમૃદ્ધિ હંમેશા કશુંકને કશુંત નવું દર્શાવે રાખે. હંમેશા નવા વિચારો લઈને આવે. ભોળાભાઈનું વ્યક્તિત્વ જ ખૂબ મધુર.**

બીજાઓ પાસે સાહિત્ય–સમૃદ્ધિ વહેંચતા રહ્યા. એ માત્ર નૈતિક મૂલ્યો સુધી સીમિત ન રહેતા હંમેશા સૌંદર્યલક્ષી અભિગમને કેન્દ્રસ્થ બનાવતા. એમના વ્યક્તિત્વમાં એવું કશુંક હતું જે આસપાસ બધું સજીવન કરી મૂકતા. મુક્ત હાસ્ય, વિનોદમાં રમમાણ, પ્રખર બૌદ્ધિક એટલા જ સહૃદયી અને સહજ – આવા ભોળાભાઈ નથી ત્યારે ગુજરાતી સાહિત્યે વિશાળ વડલાનો છાંયો ખોયાની વેદના ઊભરી આવી છે.

૧૯૩૪માં સોજા ગામમાં જન્મેલા ભોળાભાઈ, ૧૮ વર્ષની વયે શિક્ષક બન્યા. અને ઉત્તરોતર છેવટે ભાષાભવનના હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. એક અર્થમાં એ નિવૃત્ત થયા જ નહોતા. આજીવન મુઠ્ઠીઊંચેરા શિક્ષકની ભૂમિકા સતત ભજવતા રહ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી એ મધ્યકાલીન સાહિત્યનો ગંભીર અભ્યાસ રજૂ કરે છે, તો સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે અનેક ભારતીય ભાષાઓ વચ્ચે સેતુ રચે છે.

શાંતિ નિકેતનમાં એક વર્ષ એ ફેલો તરીકે રહ્યા અને બંગાળી ભાષાના ઉત્તમ કવિઓને આપણી સમક્ષ મૂક્યા. તુલનાત્મક અભ્યાસ એ એમનો રસનો વિષય રહ્યો એટલે બહુપરિમાણીક અભ્યાસ અને આસ્વાદ એમની પાસેથી સતત મળતા રહ્યા. અજ્ઞેય પરનો એમનો શોધનિબંધ સર્વત્ર આવકાર પામ્યો. એટલું જ નહીં એમના શિષ્યોને એમાંથી સતત અભ્યાસ કરવાની એક પ્રેરણા આપતો રહ્યો.

પદ્મશ્રીથી કેન્દ્ર સરકારે પોંખ્યા, રણજિતરામ સુવર્ણ ચંદ્રક, દર્શક અને સચ્ચિદાનંદ એવોર્ડ એમને પ્રાપ્ત થયા. કે.કે. બિરલા ફાઉન્ડેશનની બિરલા ફેલાશિપ પણ એમને પ્રાપ્ત થઈ હતી. ‘દેવોની ઘાટી’ માટે સાહિત્ય અકાદમીનું પારિતોષિક હોય કે પછી અનુવાદનું ભોળાભાઈનું કામ હંમેશા પોંખાયું છે. ગુજરાતી સાહિત્યમાં અનુવાદક તરીકેનું એમનું શ્રેષ્ઠ પદાર્પણ રહ્યું છે. એટલું જ નહીં આવનારી પેઢી માટે દિશાસૂચનરૂપ બન્યું છે..

એક તરફ પોતાના ગુરૂ શ્રી ઉમાશંકર જોશી. નગીનદાસ પારેખના સંસ્મરણો ટાંકે, બીજી બાજુ એ ભારતીય સાહિત્યના ઉત્તમ સર્જકોની કૃતિઓ ચીંધે, ત્રીજી તરફ પોતાના સમકાલીન સાહિત્યકારો પ્રત્યે સંવાદ સાધે અને ચોથી તરફ નવસર્જકોને હૂંફ આપે. ભોળાભાઈ નથી, પણ એમની આ પદ્ધતિ અને નિસબત આપણી વચ્ચે જીવંત રહેશે ત્યાં સુધી એ ક્યારેય નહીં ભુલાય. એટલે જ કદાચ હવે એ નથી ત્યારે આપણું આપણી ભાષા અને સાહિત્ય પરત્વે દાયિત્વ અનેકગણું વધી ગયું છે.



જોરાવરસિંહ જાદવ

# સુષિર વાદ્ય :

## મન મોહે છે, જેના સૂર...

ગુજરાતના લોકસંગીતમાં અને ખાસ કરીને લોકનૃત્યોમાં તંતુ વાદ્યો કરતાં સુષિર વાદ્યો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ વાદ્યોમાં મોરલી, પાવો, જોડિયો પાવો, વેણુ, શરણાઈ, શંખ, ભૂંગળ, શીંગી, મહુવર અને કાની મુખ્ય ગણાય છે.

વેણુની ઉદ્‌ભવ નૈસર્ગિક ગણાય છે. પ્રાચીન કાળમાં સુકાઈ ગયેલા વાંસ કે વૃક્ષની ડાળીઓમાં ભમરા દર કરવા કાણાં પાડતા અને પવનના સુસવાટા થતા ત્યારે એમાંથી અનેક જાતના સ્વરો આપોઆપ ગુંજી ઊઠતા. આ પાવો અર્થાત્ વેણુનું સંગીત શ્રીકૃષ્ણની બાળલીલા સાથે સંકળાયેલું છે. સુષિર વાદ્યોમાં વેણુને અત્યંત સહજ અને સુમધુર વાદ્ય ગણવામાં આવે છે. વેણુ વડે શ્રીકૃષ્ણે વ્રજનાં નરનારીઓ અને પશુઓ સુદ્ધાંને મુગ્ધ કર્યાં હતાં. આ પાવો ગામડામાં ગાયો ચરાવતા ગોવાળિયામાં અને જોડિયા પાવો ઊંટ ચરાવનાર જતો પાસે આજેય સંભાળવા મળે છે. કચ્છમાં આવેલ નાના લુણા ગામના મુસાભાઈ જત જોડિયા પાવાના અને ભોરિંદાના બાજંદા કલાકાર ગણાય છે. થાનગઢમાં સવશીભાઈ જોડિયા પાવાના કલાકાર છે.

**મોરલી, શરણાઈ, શંખ અને ભૂંગળઃ**

વાંસની બે પોલી ભૂંગળીઓ અને તુંબડામાંથી બનાવાતી મોરલી એ નાગ પકડીને રમાડતા મદારી અને નાથબાવાનું લોકવાદ્ય છે. મહુવરનો ઉલ્લેખ ૧૭મી સદીના જૈન ગ્રંથોમાં પુંગીના નામે થયેલો જોવા મળે છે. વગાડતી વખતે પુંગીની એક ભૂંગળી સતત સૂર આપે છે. બીજી ભૂંગળીના સાત છિદ્રો ગીતવાદનનું કામ કરે છે. વચલી તુંબડીમાં હવા સંગ્રહાય છે. મોરલીના સ્વરોનો સંવાદ એટલો બધો જોરદાર હોય છે કે, સર્પ જેવા ભયંકર ઝેરી પ્રાણીને પણ અવાજથી વશ કરવામાં આવે છે, એમ મનાય છે.



**શરણાઈ :**

**લોકનૃત્ય માટે ઢોલ સાથે** શરણાઈ મહત્ત્વનું વાદ્ય ગણાય છે. ગામડામાં લગ્નપ્રસંગે ઢોલ-શરણાઈનો ઉપયોગ



થાય છે. રાસ–ગરબામાં શરણાઈ વપરાય છે. શરણાઈનો અવાજ કર્કશ હોવાથી અને તેના સૂરો ઊંચા પડતા હોવાથી લોકગીતો ગાવાની સાથે એનો ઉપયોગ થતો નથી. ઉત્તર ભારતમાં, મહારાષ્ટ્ર અને દક્ષિણમાં શિષ્ટ સંગીતમાં શરણાઇનો ઉપયોગ સુપેરે થતો જોવા મળે છે.



**શંખ :**

શંખ એ અત્યંત પ્રાચીન ગણાતું સુષિરવાદ્ય છે આજે તો મંદિરોમાં આરતી વખતે એનો ઉપયોગ થતો જોવા મળે છે. જૂના કાળે યુદ્ધ વખતે શંખ અને ભેરીને યુદ્ધનાં વાજિંત્રો તરીકે વગાડવામાં આવતાં. શ્રીકૃષ્ણનો પાંચજન્ય શંખ સુપ્રસિદ્ધ છે.



**ભૂંગળ :**

ભૂંગળ એટલે ભૂંગળું. એનું પ્રાચીન નામ નાળી, નાળિકા છે. ભૂંગળ એ રણશિંગાનું મૂળ સ્વરૂપ છે. ગુજરાતમાં ભવાઈ અને ભજનમાં ભૂંગળનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે. ભવાઈ કરનારા નાયકો એને માતાજીએ દીધેલું દૈવી વાદ્ય માની પૂજે છે. જૂના કાળે રાજવીઓની વિજયયાત્રામાં, કુલેકાં કે સરઘસમાં પણ ભૂંગળ વપરાતી. અનેક જૈન ગ્રંથોમાં ભૂંગળ અને નાળીના ઉલ્લેખો મળે છે. ભૂંગળ આજે તાંબા–પિત્તળની બને છે. તે મૂળે શિંગડામાંથી બનતી અને યુદ્ધ પ્રસંગે વગાડાતી એમ હરકાંત શુક્લ નોંધે છે.



**રણશિંગું અને નાગફણી :**

ગુજરાતમાં શિંગડાનાં વાજિંત્રો ઓછાં વપરાય છે, પણ તે શીંગી જેવા વાજિંત્રો રણશિંગું અને નાગફણીના પૂર્વજો મનાય છે. રણશિંગુ અને નાગફણી શિવમંદિરો સિવાય ભાગ્યે જ બીજે ક્યાંક જોવા મળે છે.

**સુષિર વાદ્યોમાં વેણુને અત્યંત સહજ અને સુમધુર વાદ્ય ગણાવામાં આવે છે. વેણુ વડે શ્રીકૃષ્ણે વ્રજનાં નરનારીઓ અને પશુઓ સુધ્ધાંને મુગ્ધ કર્યાં હતાં. આ પાવો ગામડાંમાં ગાયો ચરાવતા ગોવાળિયાઓમાં અને જોડિયાપાવો ઊંટ ચરાવનાર જતો પાસે આજેય સંભાળવા મળે છે.**






# લોકનૃત્યોના રંગ પનઘટને સંગ

'પનઘટ પરફોર્મિંગ આર્ટ્સ' સંસ્થાનો બારમો વાર્ષિક ઉત્સવ તા :૨જી જૂન શનિવારના રોજ અમદાવાદ, વસ્ત્રાપુર લેક ખાતે યોજાયો હતો. જેમાં રાસ-ગરબા, ટિપ્પણી, તલવાર રાસ, કોળી નૃત્ય, ગોફ રાસ તથા તેરાતાલ જેવા નૃત્યોની નયનરમ્ય રજૂઆત કરવામાં આવી હતી.

**આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હસિત વોરા, ઉદ્‌ઘાટક તરીકે જાણીતા કવિ તુષાર શુક્લ, જોરાવરસિંહ જાદવ, સુરેન્દ્રભાઈ પટેલ, ભૂષણ ભટ્ટ, મયૂર દવે, ભરત બારિયા ઉપસ્થિત રહ્યાં હતાં. બહોળી સંખ્યામાં પ્રેક્ષકોએ લોકનૃત્યોને મનભરીને માણ્યાં હતાં.**

પનઘટના ૨૫ કલાકારો જુલાઈ-૨૦૧૨માં બલ્ગેરિયા અને ગ્રીસ ખાતે યોજાનારા આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.













# શ્યામલ-સૌમિલ મુનશીનું
# ફિલ્મ સંગીત ક્ષેત્રે પદાર્પણ

ગુજરાતી ફિલ્મ સંગીત ક્ષેત્રે શ્યામલ-સૌમિલ મુનશીની જોડીએ પદાર્પણ કર્યુ છે. ગુજરાત વિશે દેશ-વિદેશમાં ફેલાયેલા ભ્રામક વિચારોનું ખંડન કરતી ફિલ્મ 'ભલે પધાર્યા, 'Welcome to Gujarat' માં પ્રસિદ્ધ સંગીત બેલડી શ્યામલ – સૌમિલ મુનશી દ્વારા સુમધુર સંગીત પીરસવામાં આવ્યું છે.

દિગ્દર્શક રાજેશભાઇએ જણાવ્યું કે, બે પ્રેમકથાની આસપાસ ગૂંથાયેલી અને ગુજરાતના વિકાસની ઝાંખી કરાવતી આ ફિલ્મ અન્ય ગુજરાતી ફિલ્મ કરતા નોખી ભાત પાડે છે. મનોજકુમારની દેશભક્તિની ફિલ્મ પરથી આ ફિલ્મની કથા સૂઝી હતી. ગુજરાત અને ગુજરાતી વિશેની ગેરમાન્યતાઓ દૂર કરવાનો પ્રયાસ આ ફિલ્મ દ્વારા કરવામાં આવ્યો છે. પ્રેમકથાની સમાંતરે ચાલતા સ્ત્રી-સશક્તિકરણના વિષયને પણ સાંકળી લેવામાં આવ્યો છે.

**ગુજરાતનાં વિકાસની ઝાંખી કરાવતી 'ભલે પધાર્યા, Welcome to Gujarat' ફિલ્મનું મ્યુઝિક પારંપરીક ગુજરાતી ફિલ્મ કરતાં જુદું પડે છે. આજની યુવા પેઢીને આકર્ષે તેવા ફ્યુઝન મ્યુઝિકનો પણ તેમાં શ્યામલ - સૌમિલ દ્વારા સમાવેશ કરવામાં આવ્યો છે.**

ફિલ્મનાં ગીતો કવિ તુષાર શુક્લની કલમે લખાયાં છે, જ્યારે ફિલ્મનું કર્ણપ્રિય સંગીત શ્યામલ-સૌમિલ મુનશી દ્વારા સ્વરબદ્ધ થયું છે. અત્યાર સુધીની ગુજરાતી ફિલ્મો કરતાં જરા હટકે મ્યુઝીક આપવામાં આવ્યું છે. આજની યુવા પેઢીને આકર્ષે તેવું ફ્યુઝનનું પણ ઉમેરણ કરવામાં આવ્યું છે. ગરબા કે ઢોલથી અલગ સંગીત યુવાવર્ગને આકર્ષે તેવું છે.



શ્યામલ મુનશી

# 'છગન, મગન અને બહુવચન'

છગન, મગન અને હું – ત્રણે સ્કૂલના મિત્રો. છગન ગણિત અને વિજ્ઞાનમાં પાક્કો પણ ભાષાઓ સાથે એને માત્ર કેમ છો?નો સંબંધ. મગનના આખા કુટુંબને સરસ્વતી સાથે બે–ત્રણ પેઢીઓથી ઘરોબો. મને ગણિત અને વિજ્ઞાનને લગતાં જિન્સ પિતૃપક્ષેથી મળેલા અને સાહિત્ય અને સંગીતનાં મોટા ભાગના જિન્સ માતૃપક્ષેથી મળેલા, એટલે બન્ને સાથે મારી મિત્રતા જામેલી. છગનને શબ્દો–બબ્દો, ભાષા–બાષા, વ્યાકરણ–બ્યાકરણ સાથે કોઈ નિસબત નહીં. મગન તો એનું નામ 'મગ્ન'ને બદલે 'મગન' રાખવા બદલ એના ફોઈથી નારાજ હતો. એ વિદ્યાર્થીકાળથી જ કવિતાઓ લખતો, ગીતો લખતો, ગઝલો લખતો. થોડા દિવસ પહેલાં અમે ત્રણે મિત્રો એક ક્લબમાં મળી ગયા. સ્વિમિંગપુલની નજીક રાખેલી ખુરશીઓ પર વાતો કરવા બેઠા.

વાતવાતમાં છગન બોલ્યો, વેંકેશનમાં અમદાવાદની બધી ક્લબ્સોના સ્વિમિંગપુલ્સો ફ્રી થયેલા સ્ટુડન્ટ્સોથી ઉભરાય છે. એક વાક્યમાં ત્રણ બહુવચનોનાં બહુવચનો સાંભળી ને મગનના સાહિત્યિક કાન જરા ઊંચા થયા. એણે આંખો પહોળી કરી મારી સામે જોયું અને મૂછમાં હસ્યો.

છગને ચાલુ રાખ્યું, મને ક્લબનું વાતાવરણ બહું ગમે છે. લેડીઝો એમની પ્રવૃત્તિ કરે, જેન્ટ્સો એમનું કામ કરે, અને બોયઝો અને ગર્લ્સો એમની મજા કરે. હું મારો કૅમેરો સાથે રાખીને ફોટાઓ ખેંચે રાખું.




છગન અકળાયો. એણે ભવાં ઊંચા ચઢાવ્યાં, એનાથી રહેવાયું નહીં, બોલ્યો, છગનિયા તું ભાષા માટે એવો ને એવો જ બેદરકાર રહ્યો. **એક સ્ત્રી હોય તો 'લેડી' કહેવાય. એકથી વધારે હોય તો 'લેડીઝ' કહેવાય. આ 'લેડીઝો' એટલે શું ?**

**'સ્ટુડન્ટ' એકવચન છે. 'સ્ટુડન્ટ્સ' બહુવચન છે. પણ આ 'સ્ટુડન્ટ્સો' કયું વચન છે?!!**

**બૉયનું બહુવચન બૉયઝ થાય, ગર્લનું બહુવચન ગર્લ્સ થાય. પણ આ બૉયઝો અને ગર્લ્સો- બહુવચનનું બહુવચન ક્યાંથી થાય?**

મગનનું બહુવચન પરનું પ્રવચન પૂરું થયું.


મગન, તું તો કવિતાઓ લખે છે, નહીં ? હમણાં શું લખ્યું? કંઈ સંભળાવતો ખરો... મેં વિષયનું સ્ટીયરિંગ હાથમાં લઈ ને વાતની ગાડી બીજે રસ્તે વાળી.

મગન મલકાયો. એણે એનો એક શેર કહ્યો,

**લાવો વરસાદી પાટાઓ,**
**વાગ્યા છે તીણા તડકાઓ.**

મેં 'વાહ વાહ' કહી ને દાદ તો આપી પણ હળવેકથી પૂછ્યું, મગન, 'પાટો' એકવચન, એનું બહુવચન 'પાટા' થાય ? ક્રીસ ગેઈલનો કેચ પકડીને ખેલાડી ખુશ થઈને બૉલરને જેમ શાબાશી આપે એમ છગને મારો બરડો થાબડ્યો, વાહ, શું અવોલકન છે! વાહ.

મગને કહ્યું, ચાલે કવિતામાં તો ચાલે, કવિઓને છૂટ લેવાની છૂટ હોય છે. કોઈ વાર અક્ષર ખૂટતો હોય તો છંદ સાચવવા, મીટરમાં રહેવા બહુવચનનું બહુવચન કરવું પડે.





છગને પૂછ્યું, વાતચીતના વાક્યમાં ના ચાલે અને સાહિત્યના કાવ્યમાં ચાલે? પછી અમે ક્લબની લાઇબ્રેરીમાં ગયા. ત્યાં જુદી જુદી ‘બુક્સો’ ઉથલાવી. કેટલીક પંક્તિઓ નજરે ચડી જેમાં ‘પીંછાઓ’ હતાં અને ‘ટુકડાઓ’ હતા. ‘અરીસાઓ’ હતા અને ‘ચહેરાઓ’ હતા. ‘રસ્તાઓ’ હતા, ‘વગડાઓ’ હતા, ‘શેઢાઓ’ હતા, ‘ઝાડવાંઓ’ હતાં, ‘વાયરાઓ’ હતા, ‘પડઘાઓ’ હતા. ‘બારણાંઓ’ હતાં અને ‘ટકોરાઓ’ હતા. ‘પડદાઓ’ હતા અને ‘કટકાઓ’ હતા, ‘દીવાઓ’ હતા અને ‘પરપોટાઓ’ હતા. છગને પૂછ્યું, આ બધું અજાણતા થયું છે કે જાણવા છતાં? મારું ‘લેડીઝો’ અને ‘જેન્ટસો’ ના ચાલે તો આ બધું ચાલે? મગન કરે તે લીલા અને છગન કરે તે લફરાં? બોલો. ગુજરાતી કાવ્યોમાંથી જ બહુવચનનાં પણ બહુવચનનાં કેટલાં બધા એક્ઝામપલ્સો મળ્યા !

મગન બોલ્યો, એક્ઝામપલ્સો નહીં. એક્ઝામપલ્સ, એટલે દાખલાઓ.

મેં કહ્યું, મગન, દાખલાઓ નહીં, દાખલા. ‘દાખલા’નું બહુવચન ‘દાખલા’. દાખલાઓ નહીં.

અને અમે ત્રણે ‘ફ્રેન્ડઝો’ હસતા છૂટા પડ્યા.







રોગગ્રસ્ત વ્યક્તિ આસન જાતે કરી શકવા સમર્થ નથી હોતી, આવી વ્યક્તિને વિવિધ સાધનોની સહાયથી યોગાસનો કરાવવામાં આવે છે. આ માટે ચિત્રમાં બતાવ્યા મુજબ લાકડાના ખાસ પ્રકારે બનાવેલ સાધનો જે શરીરના વળાંક માટે સહાય કરે તેનો ઉપયોગ થાય છે.

Add. : Above PNB, Nr. Bikanerwala,
Nehrunagar, Satellite - 380015

Cell : + 91 98256 88599, 94082 85358
Phone : 079 - 26765358, Email : hetvee1@yahoo.com

# આપણું **અમદાવાદ - સુરીલું** અમદાવાદ



**કર્ણાવતી કલબ ખાતે યોજાયેલા 'આપણું અમદાવાદ સુરીલું અમદાવાદ' ડીવીડી અને ઓડિયો સીડી ના વિમોચન કાર્યક્રમમાં ડાબેથી શ્યા**
**રીટાબેન ઠક્કર, નેત્રા, નીલ, કંઠ, વિરાજ મહેતા, શૈલેષ ઠાકર, વિ**

તા. ૧૧મી મે ૨૦૧૨ને શુક્રવાર અમદાવાદ નગરના ઇતિહાસમાં અનોખું મહત્ત્વ ધરાવશે, કારણ કે આ દિવસે, કોઇ એક નગરના ભાગ્યમાં, માત્ર એના જ વ્યક્તિત્વની વંદના કરતાં ગીતોની સીડી પ્રગટ થવાનો અનન્ય કાર્યક્રમ યોજાઇ ગયો. ઇતિહાસ પ્રસિદ્ધ કે અન્ય રીતે જાણીતા એવા અનેક શહેરો છે જ, પણ કોઇ એક જ શહેર માટે ગવાયેલાં ગીતોની સીડી પ્રગટ થવાની આ સર્વપ્રથમ ઘટનામાં અમદાવાદ શહેર પર લખાયેલાં ગીતોની ઓડિયો સીડી, દૃશ્યોથી શોભિત વીસીડી અને અમદાવાદના કણકણમાં ધબકતા સંગીતની સતસ્વીર ઝલક આપતું વિશિષ્ટ પુસ્તક એમ અનોખા સંપુટનો લોકાર્પણ સમારોહ અમદાવાદના નગરપતિ અને જાણીતા કલાકાર **હસિતવોરાના વરદહસ્તે તેમજ ભાગવદ્કાર પૂ. ભૂપેન્દ્રભાઇ પંડ્યાના આશીર્વચન સાથે સંપન્ન થયો.**

આ કાર્યક્રમમાં સીડીમાં ધ્વનિમુદ્રિત ગીતોના જીવંત ગાન સાથે નર્તનનો વિશિષ્ટ પ્રયોગ થયો, તો સાથોસાથ વિશાળ એલસીડી પર વીસીડીના દૃશ્યોની ગતિ પણ માણવા મળી.

ખાસ આ કાર્યક્રમ નિમિત્તે શ્યામલ–સૌમિલે તૈયાર કરેલ 'સૂર કલ્યાણ'ની રજૂઆતે તો આમંત્રિતોને મંત્રમુગ્ધ કરી દીધા. લોકસંગીત સાથે શાસ્ત્રીય અને પાશ્ચાત્ય સંગીતના સમજદારીભર્યા સંમિશ્રણને અમદાવાદના સુખ્યાત નર્તકોએ ભરત નાટ્યમ અને કથ્થક નૃત્યશૈલી ઉપરાંત લોકનર્તન અને આધુનિક નૃત્યશૈલીના સમન્વય સાથે પ્રસ્તુત કરીને જમાવટ કરી દીધી. સહુના કલ્યાણનો સંદેશ લઇને આવેલા આ 'સૂર કલ્યાણે' સર્જેલા જાદૂએ નગરજનોની મુક્તકંઠે પ્રશંસા પ્રાપ્ત કરી.

આ સમગ્ર પ્રસ્તુતિને કલાગુરુ મૌલિક–ઇશીરા, ચંદન–નિરાલી ઠાકોર, કેતા ઠક્કર અને રાજ સીનેજીયાના માર્ગદર્શનમાં એમના શિષ્યોએ શોભાવી તો ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં સ્થાન પ્રાપ્ત કરનાર તબલા તાલીમ સંસ્થાના




મલ મુનશી, આરતી મુનશી, સૌમિલ મુનશી, ડેપ્યુટી મેયર દર્શનાબેન વાઘેલા, મેયર હસિત વોરા, કથાકાર પૂ.ભૂપેન્દ્ર પંડ્યા, ઉમંગ ઠક્કર,
વિનોદ ભટ્ટ, સંદીપ બ્રહ્મભટ્ટ, યોગેશ લાખાણી અને તુષાર શુક્લ.




આનર્ત કલા સંસ્થા દ્વારા 'સૂરકલ્યાણ'ની રજૂઆત કથ્થકનૃત્ય દ્વારા કરવામાં આવી હતી.



ભરત બારીયા દ્વારા માથે દીવડાં મુકી આરતીની રજૂઆત કરવામાં આવી હતી.



અમદાવાદના નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં અને કાર્યક્રમને માણ્યો હતો.



તબલા તાલીમ સંસ્થાના કલાકારોએ તબલાના તાલથી માહોલ વાઈબ્રન્ટ બનાવી દીધો હતો.

**કાર્યક્રમમાં અમદાવાદના વિવિધ કાર્યક્ષેત્રોમાં મોખરાનું સ્થાન શોભાવતી ૧૦૮ પ્રતિભાઓનું મેયર હસિત વોરા અને ભાગવદ્ કાર ભૂપેન્દ્ર પંડ્યાના હસ્તે 'પતંગ નગરરત્ન એવોર્ડ' થી સન્માન કરવામાં આવ્યું.**



કાર્યક્રમમાં જાણીતા હાસ્યલેખક વિનોદ ભટ્ટને 'પતંગ નગરરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

બાળકલાકારોએ ગુરુ મુંજાલ મહેતાના માર્ગદર્શનમાં તબલાવાદન રજૂ કરીને રસિકોની દાદ મેળવી.

પ્રસિદ્ધ હાસ્ય લેખક **વિનોદ ભટ્ટે** કરેલી અમદાવાદ અને અમદાવાદીઓની વિશેષતાની રસપ્રદ વાતો આ વીસીડીની વિશેષતા છે, એનીય એક ઝલક



આર.જે. દેવકીનાં સંચાલને માહોલને જીવંત બનાવી દીધો હતો.

ઉપસ્થિતોએ માણીને મલકી ઊઠ્યા તો જાણીતા અભિનેતા અર્ચન ત્રિવેદીએ ''અમદાવાદી કાકા''ના પાત્રને રંગમંચ પર જીવતું કરી દઈ હાસ્યની છોળો ઉડાડી. સમગ્ર કાર્યક્રમનું રસભર સંકલન **આર.જે. દેવકી અને આર.જે. નૈષધે** (રેડ એફ.એમ) સંભાળ્યું. આરજે દેવકીએ પ્રેક્ષકોની વચ્ચે જઈને પ્રશ્નોત્તરીની રંગત જમાવી.

કાર્યક્રમમાં અમદાવાદના વિવિધ કાર્ય ક્ષેત્રોમાં મોખરાનું સ્થાન શોભાવતી ૧૦૮ પ્રતિભાઓનું મેયર શ્રી હસિત વોરા અને ભાગવદ્કાર શ્રી ભૂપેન્દ્ર પંડ્યાના હસ્તે **'પતંગ નગર રત્ન એવોર્ડ'** થી સન્માન કરવામાં આવ્યું.

**આ પ્રસંગે બોલતા પૂ. ભૂપેન્દ્રભાઈએ કહ્યું કે ગુજરાતી સુગમસંગીતના ઇતિહાસમાં, દસ હજાર શ્રોતાઓની જંગી ઉપસ્થિતિમાં યોજાયેલો આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ ભાવકોને વર્ષો સુધી યાદ રહેશે.** નગરગીતોના આ અદ્વિતીય સંપુટને પ્રજાજનો સમક્ષ મૂકવામાં ગુજરાતના ગૌરવ સમી પતંગ હોટલ અને એના માલિક ઉમંગ ઠક્કર અને મૅનેજમેન્ટ ગુરુ શૈલેષ ઠાકરનો અનન્ય સહકાર વગર આ આયોજન શક્ય નહોતું.

નગરના રાજમાર્ગોને શોભાવતા વિવિધ પોસ્ટર્સ દ્વારા જનસાધારણ સુધી શ્યામલ સૌમિલના આ વિશિષ્ટ યોગદાન અને એના




નૃત્યભારતીના કલાકારો દ્વારા ભરતનાટ્યમની રજૂઆત કરવામાં આવી હતી.



અમારું શહેર છે અમદાવાદ... અમે સૌ અમદાવાદી... (ડાબેથી) હેતલ રાવલ, આરતી મુનશી, રિયા શાહ, આશિતા પ્રજાપતી અને કોશા પંડ્યા.

લોકાર્પણના અવસરની જાણ પહોંચાડવામાં નીલકંઠ/ધર્મદેવ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગને ન ભૂલી શકાય. તો કર્ણાવતી કલબના વહીવટકર્તાઓના ઉદાર અભિગમ બદલ તેઓ પણ અભિનંદનના એટલા જ અધિકારી છે !

આ સીડીમાં ૧૦ ગીતો છે. અમદાવાદના ઇતિહાસ, ભૂગોળ અને અમદાવાદીઓની નાગરિકતાને પ્રગટાવતા અવિનાશ વ્યાસના સુપ્રસિદ્ધ ગીત 'અમે અમદાવાદી' ઉપરાંત અહીં અમદાવાદને આકંઠ ચાહનારા સુપ્રસિદ્ધ ગઝલકાર આદિલ મન્સૂરીની 'માણેકચોકમાં' ગઝલ ઉપરાંત કવિ માધવ રામાનુજે લખેલું અમદાવાદની વંદના કરતું ગીત 'સાબરમતી નિરંતર જેને હૈયે નિર્મળ વહે' અહીં સમાવિષ્ટ છે. એ ઉપરાંત **કવિ તુષાર શુક્લની** કલમે લખાયેલ અમદાવાદની વિશ્વપ્રસિદ્ધ નગર રચનાની વાત કરતી



સુરીલાં અમદાવાદની ઓળખ આપતાં કવિ તુષાર શુક્લ

પોળ અને તેની સંસ્કૃતિની વાત કરતું ગીત **'જેમાં ફર્યા કરો ગોળ ગોળ ગોળ એવી અમદાવાદની પોળ'** ઉપરાંત અમદાવાદીઓના સ્વભાવની સ્વભાવની રસછોળ ઉડાડતી રચનાઓ 'વાદ-વિવાદની વચ્ચે જેમાં વસી રહ્યો સંવાદ' અને 'અમારું શહેર છે અમદાવાદ, અમે સૌ અમદાવાદી'નો અહીં સમાવેશ છે.



આપણું અમદાવાદ....
આરતી મુનશી અને શ્યામલ મુનશી

તો **ડૉ. શ્યામલ મુનશીની** કલમે લખાયેલ પર્વગીત **'અમદાવાદની ઉતરાણ'**, તથા અમદાવાદીની ઓળખ સમી **'અમદાવાદી અસર એટલે કરકસર'**, અને હળવું ફૂલ



# ‘અમદાવાદી અસર એટલે કરકસર’

**‘અમદાવાદના રસ્તા પર એવું થાય, ગમે ત્યારે ગમે ત્યાંથી આવે ગાય’** ભાવકોને રસમસ્ત કરશે એમાં શંકા નથી.

આ જ ગીતોને નયનરમ્ય છબિકલાથી મઢીને પ્રસ્તુત કરનારા **દિક્ષિત ઘોડા** અને **દીપક અંતાણીએ** કેમેરાની આંખે અમદાવાદને જીવતું કરી આપ્યું છે. નદીની બંને તરફ વસેલા અમદાવાદની આ દશ્યશ્રાવ્ય યાત્રા રસઝરતો અનુભવ બની રહેશે.

સીડી/ડીવીડીમાં આર.જે. દેવકીએ પોતીકા અંદાજમાં તુષાર શુક્લના આલેખનને વાચા આપી છે, જેમાં અમદાવાદના ઇતિહાસની આછેરી ઝલક પણ મળી રહે છે. **પુસ્તકમાં અમદાવાદના ૬૦૧ વર્ષનો ઇતિહાસ** ઓડિયો/વીડિયો સીડી સાથે જ આ સંપુટમાં સમાવિષ્ટ છે. એક પુસ્તક ૬૦૧ વર્ષના અમદાવાદના ઇતિહાસની ગાથા કહેતાં અનેક પુસ્તકો પ્રાપ્ય છે ત્યારે આ પુસ્તક એ બધાંમાં વિશિષ્ટ છે. તુષાર શુક્લએ સર્વપ્રથમ જ વાર, તદ્દન જુદા

> ‘આપણું અમદાવાદ
> સુરીલું અમદાવાદ’
>
> **ઓડિયો અને વિડીયો સીડી સાથેના પુસ્તકમાં અમદાવાદના કોલાહલ અને ધમાલને સ્થાને અહીંના કણકણમાં વહેતાં સંગીતની વાત કરી છે.**

દષ્ટિકોણથી અમદાવાદને જોવા અને આલેખવા પ્રયત્ન કર્યો છે. એમણે આ પુસ્તકમાં અમદાવાદના કોલાહલને ધમાલને સ્થાને અહીંના કણકણમાં વહેતા સંગીતની વાત કરી છે. આ નગરમાં વસતા લોકસંગીત, શાસ્ત્રીય સંગીત, હવેલી સંગીત, સુગમસંગીત ઉપરાંત ફિલ્મ સંગીતને ધ્યાનમાં લઈને કેટલીક રસપ્રદ વિગતો આલેખી છે અને સુખ્યાત તસવીરકાર **સંજય વૈદ્યે** આ વિગતોને સંજય દષ્ટિથી ઝડપેલી તસવીરોથી સુશોભિત કરી છે અને **કિરણ ઠાકરે** એને પુસ્તકાકારે પ્રકાશિત કરવામાં પોતાનું યોગદાન આપ્યું છે. ગુજરાતી નાટ્ય ગીતને ચિરંજીવ કરીને સૂતેલા મા. અશરફખાન, ગુજરાતી સુગમસંગીતની ઓળખ ઊભી કરનારા **અવિનાશ વ્યાસ,** શાસ્ત્રીય સંગીતના અનોખા અનુષ્ઠાન સમા સપ્તકના સાધક **નંદન મહેતા,** નગરના માર્ગ પર મસ્તીમાં ગાતા કેતુમાન પારધી, ગુજરાતી ફિલ્મ–સંગીતના સન્માનનીય નામ **ગૌરાંગ વ્યાસ** અને **મહેશ-નરેશ,** હવેલી સંગીતના આરાધક વિઠ્ઠલદાસ બાપોદરા, પશ્ચિમી સંગીતના જાણીતા કલાકાર **વિસ્પી સિગણપોરીઆ...** અનેક કલા સંસ્થાઓ, નામી–અનામી કલાકારો.... અહમદશાહ બાદશાહની મજાર પર વાગતી નોબત, મા ભદ્રકાળીના મંદિરે વાગતી ઝાલર, મિલ મજૂરની સાઇકલની ઘંટડી, નિજાનંદે વાંસળી વગાડનાર, ભજન ગાતા ગાતા ભિક્ષા માંગનારા, રાવણહથ્થાથી માંડીને ગ્રાન્ડપિયાનો વગાડનાર કલાકારો.... ને આદરપૂર્વક કરાયેલી સુરીલી સલામથી શોભે છે આ પુસ્તક.

# Watch your savings grow

## Bank of Baroda Recurring Deposit



BARODA NEXT

STATE-OF-THE-ART. STRAIGHT FROM THE HEART.

Contact Centre : 1800 22 33 44

1800 102 44 55

www.bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा

Bank of Baroda

भारत का अंतर्राष्ट्रीय बैंक







# બાળસર્જકોએ ખેલ્યું 'મહાભારત'

અમદાવાદની ક્રિષ્ણા કલા કલમ સંસ્થા દ્વારા તા. ૧થી ૬ મે દરમિયાન અમદાવાદની ગુફા ખાતે 'બાળ-સર્જકોનું મનોરાજ્ય : મહાભારત' વિષય પર આઠમું બાળ ચિત્રપ્રદર્શન યોજાઈ ગયું. મહાભારત પરના ચિત્રપ્રદર્શન અંગે વાત કરતા આયોજક કૌશિક પટેલ 'માલવણિયા'એ જણાવ્યું હતું કે, આજના સમયમાં ટેલિવિઝન પર બાળકો જ્યારે 'શીન ચેન' અને 'કિક બટાવસ્કી' જેવાં ભયાનક કાર્ટૂનો જુએ છે ત્યારે એમનામાં સંસ્કાર સિંચન કરવું ઘણું જરૂરી છે. હવે કુટુંબો પણ વિભક્ત થવા લાગ્યાં છે અને સાથે દાદા-દાદી પણ રહેતાં હોય તેવું ઓછું બને છે. આવામાં શાસ્ત્રો અને પુરાણોનો પરિચય બાળકોને કોણ કરાવે? આ હેતુથી અમે આ પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

પ્રદર્શનમાં બાળકો દ્વારા મહાભારત જેવા વિરાટ-ગહન કાવ્યને પોતાની કલ્પનાના રંગોથી સજાવ્યું હતું. આ પ્રસંગે ૯ થી ૨૦ વર્ષ સુધીના વિવિધ સ્કૂલના ૧૫ વિદ્યાર્થીઓ દ્વારા નિર્માણ પામેલ ૧૧૧ ચિત્રોને મહાભારત કથા સ્વરૂપે ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં.

પ્રદર્શનયાત્રામાં યશ શાહ, આદિત્ય મલ્હોત્રા, શાહીર શાહ, જય મૂર્તિ, વરુણ શુક્લા, ક્રિયાંશી પટેલ, આસ્થા ચાંદીવાલા, આશની ઠાકોર, પાર્થિવ ગાંધી, દેવ ભટ્ટ, જોનાથન ડેનિયેલ, રિતિકા શાહ, આરા શેઠ, હેતુ દવે અને સજની દવેએ ભાગ લીધો હતો.



**બાળસર્જકોના આ અનોખા પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે શિવાનંદ આશ્રમના અધ્યાત્માનંદજી મહારાજ, માંડલના ધારાસભ્ય પ્રાગજીભાઈ પટેલ, સાહિત્યકાર જોરાવરસિંહ જાદવ, ચિત્રકાર જય પંચોલી અને મનન રેલિયાએ ઉપસ્થિત રહી બાળ- કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો.**



પ્રદર્શનને નિહાળવા આવેલા **સૌમિલ મુનશી, આરતી મુનશી, આર.જે. દેવકી, આર.જે. ધ્વનિત, યશવંત મહેતા, રાજિકા કચેરિયા, ગણેશ નાયક, ડો. હર્ષદેવ માધવ, શુભા દેસાઇ, વિવેક દેસાઇ, હસમુખ પટેલ, કાજલ ઓઝા-વૈદ્ય, પ્રદ્યુમ્ન વ્યાસ, પ્રશાંત પટેલે** બાળકોની સર્જનાત્મકતાને બિરદાવી હતી.



## કલાકારોની ડિરેક્ટરીનું વિમોચન

૧૩મી મેના રોજ ગુજરાતીના રંગભૂમિના ઇતિહાસમાં એક મોરપીંછ ઉમેરાયું. ગુજરાતી રંગભૂમિના ૨૦૦ જેટલા નામાંકિત કલાકારો – દિગ્દર્શકોની ઉપસ્થિતિમાં રંગીન ઓફસેટ પ્રિન્ટિંગ પેપર સાથેની ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું. સાંસ્કૃતિક વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા મુખ્ય મહેમાનપદે હતા. અતિથિવિશેષ પદે સિદ્ધાર્થ રાંદેરિયા, યોગેશ લાખાણી, ઉમંગ ઠક્કર, પી. ખરસાણી, મહેન્દ્ર શાહ, અશોક દવે અને મહેશ શાસ્ત્રી તથા ડૉ. પ્રદીપ આઝાદ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પરેશ રાવલ, વિપુલ અમૃતલાલ શાહ, આશિત મોદી, પદ્મારાણી તથા રાજેન્દ્ર બુટાલા અને અરવિંદ રાઠોડે ફોન પર શુભેચ્છા પાઠવી હતી. આ સાથે ડિરેક્ટરીની વીસીડી પણ બહાર પાડવામાં આવી હતી. સંગીતક્ષેત્રના મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ખાસ સૌમિલ મુનશી, આરતી મુનશી, બંકિમ પાઠક, વિપુલ આચાર્ય, નિહારિકા આચાર્ય હાજર રહ્યાં હતાં. મુંબઇના મિત્રોમાં સિધ્ધાર્થ રાંદેરિયાની ટીમ, વિપુલ વિઠલાણી, કમલેશ ઓઝા પણ ઉપસ્થિત હતા. અમદાવાદના તમામ નામાંકિત કલાકારો દિનેશ શુક્લ, દિલીપ ગઢવી, સોમેશ્વર ગોહિલ, તુષાર શુક્લ, ભરતસિંહ ઝાલા, રમેશ અમીન, જયેન્દ્ર મહેતા, જૈમીન ત્રિવેદી, હર્ષા ભાવસાર, સ્વાતિ દવે, તુષાર દવે, હેમંત મિસ્ત્રી, અભિલાષ ઘોડા જેવા અનેક મિત્રોએ હાજર રહી શુભેચ્છા પાઠવી હતી.

## શબ્દનું હૂતુતુતુ...



‘તારીખ ૧૫ મે ના રોજ અમદાવાદમાં ટાઉન હોલ ખાતે શબ્દનું હૂતુતુતુ...’ નામે એક જલસાદાર મુશાયરો થઈ ગયો. આ મુશાયરામાં કવિ શ્રી ખલીલ ધનતેજવી, રાજેશ વ્યાસ ‘મિસ્કીન’, સૌમ્ય જોશી, કૃષ્ણ દવે. હિતેન આનંદપરા અને દિલીપ શ્રીમાળીએ પોતાની કવિતાઓનો ગુલાલ છાંટ્યો. સમગ્ર કાર્યક્રમનો હવાલો કવિશ્રી મુકેશ જોશીએ સાંભળ્યો. તુષાર શુક્લ, આરતી–સૌમિલ–શ્યામલ મુનશી જેવાં અનેક જાણીતાં વ્યક્તિત્વોએ પણ આ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને શોભાવ્યો હતો. ગુજરાતી ભાષા અને સાહિત્યની સુગંધ વગેરેમા વધારે લોકો સુધી પહોંચે એવા આશયથી ‘શિવમ એન્ટરટેઇનમેન્ટ’ દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ મુશાયરો ખાસ ટિકિટ શો હતો. જેનો આશય માત્ર એ જ હતો કે લોકો શુદ્ધ અને સાત્ત્વિક કાર્યક્રમો સાંભળે અને કવિતાના કાર્યક્રમમાં પણ ટિકિટ ખર્ચીને આવતા થાય તથા ગુજરાતી ભાષામાં થયેલા ઉત્તમ સર્જનથી પરિચિત થાય. શિવમભાઈએ સાહિત્યિક રુચિ અને ગુજરાતીમાં સારા અને સાત્ત્વિક કાર્યક્રમોમાં લોકો આવે એવા આશયથી આવી પ્રવૃતિ હાથ ધરી છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન તેજસ દવે અને અનિલ ચાવડાએ કર્યું હતું. ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમ વધારે થાય એવા શુભાશય રૂપે આ અમારું પ્રથમ પગલું હતું.




રાજેશ વ્યાસ
'મિસ્કીન'

# દીવાલોના રહસ્યો...



ચાલવામાં અને નૃત્યમાં જેટલો ફેર છે એટલો ફેર બોલચાલની ભાષામાં અને કવિતાની ભાષામાં છે. કવિતાના બે શબ્દોની વચ્ચે એક આખું ભાવવિશ્વ પથરાઈને ઊભું હોય છે. કવિતાની આસપાસ અનેક સંદર્ભો અદશ્ય છુપાયેલા હોય છે. ક્યારેક એ સંદર્ભો સમાવીને એ કવિતા વાંચી હોય તો કેવું લાગે? એ વિચારમાંથી આ લખવા પ્રેરાયો છું, સંદર્ભો હટાવ્યા પછી પણ કવિતા તો માણી જ શકાય છે. અને આથી કવિતાની બારીની આસપાસ જે પથરાઈને પડ્યું છે તેમાં ડોકિયું કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે.



સવારના પહોરમાં છાપામાં સમાચાર આવે છે "Wall between the man"ફોટો-એક્ઝિબીશન વિશે. દુનિયામાં વિવાદિત દેશો વચ્ચે સર્જાયેલી સીમારેખાઓ વિશ્વની આઠ દીવાલોની પરિસ્થિતિ અંગેના તે ફોટોગ્રાફ્સ છે. એલેકઝાન્ડ્રા નોવોસેલોફ તથા ફ્રાન્ક નેસ્સી આ બે લેખકોએ સમગ્ર વિશ્વની બે વર્ષ સુધી સફર કરીને આ સરહદો ઉપર જીવતા લોકોનો અભ્યાસ કર્યો છે, દુનિયાની આઠ દીવાલો ચિંતાજનક છે. કાયમ તનાવભરી પરિસ્થિતિ ઊભી કરતી આ દીવાલોના ફોટોગ્રાફ્સ જોઈએ તો હચમચી ઊઠીએ. ભારત અને પાકિસ્તાનની વચ્ચે ઇલેક્ટ્રિફાઇડ ફેન્સીંગવાળી લાઇન ઓફ કન્ટ્રોલ, ઇઝરાયેલ અને પેલેસ્ટાઇન વચ્ચેની ઑપરેશન સરહદ, મેક્સિકો અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે ઊભી કરવામાં આવેલી બેરિયર, નોર્ધર્ન આયર્લૅન્ડની પીસ લાઇન્સ, સાઇપ્રસના આયર્લૅન્ડના ભાગલા પાડતી ગ્રીન લાઇન અને નોર્થ અને સાઉથ કોરિયા વચ્ચેના ડીમીલીટરાઇઝ્ડ વગેરેનો સમાવેશ થાય છે.

આપણી ભીતર જે ભાવ, જે વિચારો પડેલા હોય છે તે પ્રગટ થવા માટે માત્ર નિમિત્ત કે તક શોધતા હોય છે. ભીતર ગુસ્સો તો ભરેલો જ હતો. કોઈએ સહેજ છંછેડ્યા, સહેજ નિમિત્ત ઊભું થયું કે તરત એ બહાર આવી ગયો. ઘટનાની ખાલી ડોલ મનના કૂવામાં નાંખીને ક્રોધ ચિંતા, આક્રોશ બહાર ભરી લાવીએ છીએ. માત્ર Negative ભાવનું જ નહીં Positive ભાવમાં પણ એવું છે. ક્યાંક નિમિત્ત કે તક ઊભાં થાય અને ભીતરનાં શ્રદ્ધા કે પ્રેમ પ્રગટ થઈ જાય. લાંબા સમયથી બ્હાર-ભીતર, સૂતા-જાગતા મનમાં દીવાલો ચાલતી હતી અને આ ફોટોગ્રાફ્સ જાણે નિમિત્ત બની ગયા.

વિવિધ દેશોની સરહદો અને તેની દીવાલો સતત તનાવભરી પરિસ્થિતિમાં હોય છે. પરંતુ દીવાલો આટલી અને આ જ નથી, અદશ્ય પણ દીવાલો ઘણી છે. પ્રત્યેક

**થોરની વાડ, લોખંડના તારની વાડ. ઈંટ અને પથ્થરની દિવાલ, માર્બલની દિવાલ, દિવાલો ઉપર અણિદાર સળીયા, અણીદાર કાચ, લોખંડી કાંટા, જાળી એમ જાત જાતથી સજાવે છે. અને સમગ્ર મનુષ્યતા જાણે દિવાલોમાં વ્હેંચાઈ ગઈ છે. બધી જ દિવાલો છે.**

નગરની ગામની, વિસ્તારની, ઘરની ફરતે દીવાલો બંધાતી હોય છે. સૌ પોતાની હેસિયત પ્રમાણે, ગજા પ્રમાણે, ત્રેવડ પ્રમાણે, શક્તિ પ્રમાણે, ઇચ્છા પ્રમાણે બંધાતી હોય છે, બનાવ્યા કરતા હોય છે. થોરની વાડ, લોખંડના તારની વાડ. ઈંટ અને પથ્થરની દીવાલ, માર્બલની દીવાલ, દીવાલો ઉપર અણીદાર સળિયા, અણીદાર કાચ, લોખંડી કાંટા, જાળી એમ જાત જાતથી સજાવે છે. અને સમગ્ર મનુષ્યતા જાણે દિવાલોમાં વ્હેંચાઈ ગઈ છે. બધી જ દીવાલો શરમની દિવાલો છે.The wall of shames.

એકબીજાની વિરોધી નથી માત્ર આભાસ છે. અને ધર્મોના, સંપ્રદાયોના જડ માણસોએ વિરોધાભાસોના આધારે જ ધર્મની દીવાલો બનાવી. બધાં જ દુ:ખોનું કારણ કર્મ. શ્વાસે અને ઉચ્છ્વાસે હરકદમ પર કર્મની દીવાલ. બળવાન માણસ તોડી શકે એટલા માટે કાયદાની અને નિયમની દીવાલ. સાવ અદશ્ય હજારો દીવાલોમાં માણસ જીવ્યા કરે છે. હાથે કરીને ઊભા કરેલા, માનેલા. કલ્પેલા દુ:ખોની પોતાની ચારે તરફ દીવાલો બનાવે છે અને પછી છેલ્લા શ્વાસ સુધી દુ:ખની દીવાલો ઉપર માથું પછાડી-પછાડીને મરી જાય છે.



ખુલ્લું આકાશ..
તાળીઓનો વરસાદ..
આ છે 'ધ ગ્લોબ'નો પ્રસાદ.
શેક્સપિયરની કર્મભૂમિ લંડનના 'ધ ગ્લોબ' થિયેટરમાં ભજવાયેલ ગુજરાતી નાટક 'સૌ, સારું જેનું છેવટ સારું' ને ભવ્ય આવકાર મળ્યો.
વિશ્વના પ્રેક્ષકોએ નાટકને બિરદાવ્યું, સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. 'ધ ગ્લોબ'ના મંચ પર શું બન્યું એ વિશે જાણવાનો પ્રયાસ કરીએ આપણે 'સ્વરસેતુ' ના મંચ પરથી....



## ગુજરાતી નાટક 'સૌ, સારું જેનું છેવટ સારું'

# ગ્લોબમાં મળ્યો ગ્લોબલ રિસ્પોન્સ

'આટલી સરળતાથી શેક્સપિયરનું નાટક સમજાય એ આજ સુધી નથી બન્યું. આમાં સૌથી મોટો હિસ્સો ટ્રાન્સલેશન અને ડાયરેક્ટરની સૂઝનો છે. જેણે આખી વાતને અદ્‌ભુત રીતે મૂકી છે' આ શબ્દો છે લંડનમાં આવેલા શેક્સપિયરના **'ધ ગ્લોબ'** થિયેટરના મૅનેજર રોબર્ટના.

વિશ્વ રંગભૂમિ પર જેની સૌથી વધુ ભજવણી થતી રહે છે એવા નાટ્યકાર શેક્સપિયરની કર્મભૂમિ **'ધ ગ્લોબ ટુ ગ્લોબ'** થિયેટરમાં ઇન્ટરનેશનલ ફેસ્ટિવલ યોજાઈ ગયો. આ ફેસ્ટિવલમાં વિશ્વની ૩૭ નાટ્ય સંસ્થાઓને શેક્સપિયરના ૩૭ નાટકો એમની ભાષામાં ભજવવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં મુંબઈના અર્પણા થિયેટર ગ્રૂપ દ્વારા તારીખ ૨૩ અને ૨૪ મે એમ બંને દિવસે સંગીત અને નૃત્યસભર નાટક 'સૌ સારું જેનું છેવટ સારું' (All's well that ends well) નું ગુજરાતી રૂપાંતરણ ભજવવામાં આવ્યું હતું. જેને પ્રચંડ પ્રતિસાદ સાંપડ્યો હતો.

આ નાટકનું ગુજરાતીમાં રૂપાંતરણ મિહીર ભુતાએ કર્યું હતું. ડાયરેક્શન સુનિલ શાનબાગ, અને સંગીત ઉદય મજમુદારે આપ્યું છે. નાટકના કાર્યકારી નિર્માતા મનહર ગઢિયા છે. ગ્લોબલ આવકાર પામનાર આ નાટકમાં અભિનયના ઓજસ ઉત્કર્ષ મજમુદાર, મીનળ પટેલ, અર્ચન ત્રિવેદી, ચિરાગ વોરા, માનસી પારેખ ગોહિલ, સતચિત પૂર્ણિક, નિશી દોશી અને અજય જયરામે પાથર્યા હતાં. જ્યારે નૃત્ય નિર્દેશન પૂર્વી નરેશ દ્વારા કરવામાં આવ્યું છે અને વેશભૂષા મેક્સિમા બસુ દ્વારા કરાઈ છે.

**'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'** દ્વારા કલાકારોને સીધો સંપર્ક કરી અને લંડનની




ધરતી પર 'સૌ સારું જેનું છેવટ સારું' ભજવતી વખતી શું શું સારું સારું બન્યું? ધ ગ્લોબ થિયેટરમાં નાટ્યમંચનનો કેવો લહાવો છે? એ વિશે વિગતવાર જાણવાનો પ્રયાસ કર્યો. આવો કલાકારોના શબ્દોમાં જ



માણીએ આ ગ્લોબલ અનુભૂતિની ક્ષણો....

**શબ્દે શબ્દે થયો દાદનો વરસાદ :** તા. ૨૩ અને ૨૪ મે બંને દિવસ શો હાઉસફુલ થઈ ગયા હતા. લોકો ઊભા ઊભા નાટક જોતા હતા અને સંવાદોના શબ્દે-શબ્દે દાદ આપતા હતા. પ્રેક્ષકોમાં લંડનના ગુજરાતી લોકો તો ખરા જ પણ બ્રિટિશરો ઉપરાંત વિશ્વભરનાં નાટ્યપ્રેમી હાજર હતા. ગુજરાતી ન જાણનાર લોકો પણ કલાકારના ઈમોશનથી દાદ આપતા હતા. આ ઉપરાંત થિયેટરમાં ગોઠવાયેલા એલઈડી પર અંગ્રેજીમાં દર્શાવવામાં આવતાં સબટાઈટલ્સ દ્વારા પણ લોકો નાટકને સમજતા હતા. નાટકનો ૨૩મી મે ના રોજ પહેલો શો બપોરે અઢી વાગ્યાનો હતો. તડકો હતો. ભરબપોરે તડકામાં લોકો ઊભા રહીને નાટક નિહાળતા હતા. નાટકનો બીજો શો ૨૪મી મેના સાંજે સાડા સાત વાગ્યાનો હતો. નાટક તો રાત્રે સવા દસે પૂરું થઈ ગયું હતું. પરંતુ તે પછી છેક મોડી રાત્રે અઢી વાગ્યા સુધી લોકો કલાકારોને વિંટળાઈને વાતો કરતાં હતા અને સમગ્ર ટીમને ભવ્ય ભજવણીના અભિનંદન પાઠવતા હતા.



**શેમ્પેઈનની છોળો અને ફુગ્ગા ઊડાવી થયો પ્રારંભ** : આપણે ત્યાં સામાન્ય રીતે દીપ પ્રાગટ્ય કે પ્રાર્થનાથી કોઈ પણ નાટકનો પ્રારંભ થતો હોય છે. જ્યારે લંડનના



'ગ્લોબ' થિયેટરની પરંપરા પ્રમાણે નાટકના બે મોસ્ટ સિનિયર્સ કલાકારો ઉત્કર્ષ મજમુદાર અને મીનળ પટેલના હાથમાં શેમ્પેઈનની બૉટલ આપવામાં આવી હતી અને તેમણે ગ્લોબના સ્ટેજ પર શેમ્પેઈનની છોળો ઉડાડતા ઉડાડતા આવવાનું હતું. આ ઉપરાંત નાટકના સૌથી નાના કલાકારાને બે ફુગ્ગા આપવામાં આવ્યા હતા. આ ફુગ્ગા પર નાટકનું નામ અને નંબર લખવામાં આવ્યા હતાં. આ ફુગ્ગાને નાટકના સૌથી નાના કલાકારે ઊંચે ઉડાડવાના હતા ; અને જ્યાં સુધી આ ફુગ્ગા દેખાતા બંધ ન થાય ત્યાં સુધી તેને સૌ કોઈએ તાકતા રહેવાનું.




**વન્સ ઈન એ લાઈફટાઈમ :** ધ ગ્લોબ થિયેટરમાં નાટક લોકો ઊભા ઊભા જોતાં હોય છે. તમારી આજુબાજુ અને સામે લોકો ઊભા રહીને નાટકને માણે છે. આમાં જો તમારું નાટક તેમને જોવા માટે જકડી ન રાખે તો પળવારમાં જ તેઓ ચાલતી પકડે, પણ અમે આમાં નસીબદાર હતાં. કલાકોના કલાકો લોકો દાદ આપતાં નાટકને માણતા હતાં. આ અવસર મારા માટે પણ વન્સ ઈન એ લાઈફટાઈમ હતો.

**સુનિલ શાનબાગ, નાટકના ડાયરેક્ટર**

**હગ કરીને આવકાર :** નાટકની ભજવણીના આગલા દિવસે 'ધ ગ્લોબ' થિયેટરના ૬૭ વર્ષીય ગ્લોની ટીચરે નાટકની આખી ટીમને શેક્સપિયર કોણ છે ? ગ્લોબમાં તેનું શું મહત્ત્વ છે? એ વિશે સમજણ આપી 'હગ કરીને' આવકારવાનું શિખવાડ્યું. જેમાં થિયેટરના ખૂણે ખૂણે જઈ 'ઓ...' 'ઓ...' એવા અવાજ કરીને લોકોને આવકાર આપવાનો હોય છે. અહીંયા ચારે તરફ તમારા નાટકને શેક્સપિયર જોઈ રહ્યા છે તે લાગણી સાથે તમારે નાટક ભજવવાનું છે.

**સિગ્નેચર લેવામાં આવી :** ધ ગ્લોબ થિયેટરના મૅનેજમેન્ટ દ્વારા નાટક 'સૌ સારું જેનું છેવટ સારું' ની અંગ્રેજીમાં એક બુક પણ તૈયાર કરવામાં આવી હતી. જેમાં છેલ્લે બે પાનાં કોરાં રાખવામાં આવ્યાં હતાં. આ પાનામાં નાટકની આખી ટીમના સિગ્નેચર લેવામાં આવ્યા હતા. નાટકની આ બુકને ગ્લોબના આર્કાઈવમાં રાખવામાં આવશે.

**(લેખનઃ દેવજ્ઞા જોષી)**




**જાણે જૂની હવેલી :** 'ધ ગ્લોબ' થિયેટરની રચના એકદમ અદ્‌ભુત છે. તેની લાકડાની ત્રણ માળની ગૅલરીમાં બેસવા માટે બાંકડા પણ છે. ૧૮૦ ડિગ્રીમાં લોકો નાટકને નિહાળે તેવી ગોઠવણ છે. થિયેટરનો મંચ સિવાયનો વચ્ચેનો ભાગ ખુલ્લો છે, એટલે ટાઢ, તડકો વરસાદ પણ જોનારે સહન કરવા પડે. રંગમંચની નીચે જમા થયેલા પ્રેક્ષકોને ટોળામાં ઊભા રહીને નાટક જોવાનો લહાવો અનોખો છે. શેક્સપિયરના જમાનાનાં ૪૦૦ વર્ષ પહેલાનું વાતાવારણ હોવાથી અહીં માઈક કે પ્રકાશ આયોજનની કોઈ વ્યવસ્થા નથી. નાટક કંપની પોતાનો સેટ પણ અહીં લગાવી શકે નહીં. માઈક અને લાઈટ વગરના આ આખા ખેલમાં અભિનેતા પ્રેક્ષકોની નજરે બંધાઈ જાય. આંખમાં આંખ નાંખીને વાતો કરે તેવી અનુભૂતિ છે. ઊપર–નીચે બધેથી પ્રેક્ષકો તમને તાક્યા કરે તેવી થિયેટરની રચના કરાઈ છે.



# ખુશાલીના મનમોહક નૃત્યએ
# જકડી રાખ્યા સૌના મન

તા. ૨૧ મે ના રોજ અમદાવાદના ટાગોરહોલ ખાતે ખુશાલી પ્રતિક દેસાઈનું અરંગેટ્રલ યોજાયું હતું. કલાગુરુ ઈલાક્ષી ઠાકોર, ચંદન ઠાકોર અને નિરાલી ઠાકોરના માર્ગદર્શનથી ખુશાલીએ સુંદર પ્રસ્તુતિ આપી હતી. કલા સંસ્થા નૃત્યભારતીના નેજા હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૧ વર્ષની ખુશાલીને ગણેશ વંદના, અલારિપુ, જતિસ્વરમ્, શબ્દમ્, વર્ણમ્, કૃષ્ણ-સુદામા, તિલાના, મંગલમ્ની રજૂઆત કરી સૌના મન મોહી લીધા હતા. હાવભાવ સાથેના ખૂશાલીનાં નૃત્યે સૌને જકડી રાખ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે, ખુશાલીએ વિવિધ નૃત્ય મહોત્સવ અને કાર્યક્રમોમાં પોતાની નૃત્ય પ્રસ્તુતિથી ભારે ચાહના મેળવી છે.






India's No.1 Air Conditioner

LG Life's Good

# આ વાંચ્યા વિના AC ખરીદશો નહિ!




**શું આપ જાણો છો કે આ વર્ષે બ્યુરો ઑફ એનર્જી એફિશિયન્સીના સ્ટાર રેટિંગ માપદંડ ઉચ્ચ થઈ ગયા છે?**

Energy Efficiency Ratio Table

| Star Rating | Energy Efficiency Ratio Range (Split Category) | | Annual Saving# 2012 Star Rating |
|---|---|---|---|
| | 2011 | 2012 | |
| 2 Star | 2.50~2.69 | 2.70~2.89 | 31% |
| 3 Star | 2.70~2.89 | 2.90~3.09 | 33% |
| 5 Star | 3.10~& above | 3.30~& above | 38% |

Special Celebration Offer

5 Million Celebrations — 5 million happy customers

0% Finance+ With No Processing Fee No Filing Charges

Advantages of LG AC

38% REDUCED ELECTRICITY BILLS · 20ft AIR FLOW · PLASMASTER IONIZER · 24dB QUIET OPERATION

*condition apply

સ્વરસેતુ મેગેઝીનના વાચકો માટે ખાસ ઑફર, આ જાહેરાતનું કટીંગ સાથે લઈ નીચે જણાવેલ શૉ-રૂમની મુલાકાત લો અને આકર્ષક ઑફરનો લાભ મેળવો.

LG Best Shop: S G Road - Dev Arc Electronics • Pranav Electronics • Mithakhali : Crystal Corporation • LG Shoppe: Prahladnagar - Shivam Sales • Ambawadi : Saarthi Sales • Bapunagar- Siddhi Sales • AC Solution Plaza: Satellite - Cosby Electronics.



મુંબઈના ભારતીય વિદ્યાભવન ખાતે ગઝલસંગ્રહ 'સોગાત'ના વિમોચન અવસરે કનુભાઈ શાહ, ડૉ. પ્રકાશ કોઠારી, શાયર ખલીલ ધનતેજવી અને સુરેશ દલાલ.

# ખુમારી તો ખરેખર વારસાગત છે મારી

## ખલીલ ધનતેજવી

ઈમેજ પબ્લિકેશન્સના ઉપક્રમે ખલીલ ધનતેજવીના નવા ગઝલસંગ્રહ 'સોગાત' તથા અપ્રાપ્ય સંગ્રહ 'સારાંશ'ની પુનર્મુદ્રિત આવૃત્તિનું વિમોચન ભારતીય વિદ્યાભવનમાં શનિવાર ૯ જૂને સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

સુરેશ દલાલે ખલીલ ધનતેજવીનો પરિચય આપતા કહ્યું કે ગુજરાતી ફિલ્મો લખી દિગ્દર્શન કરનાર, નવલથાઓ તથા છાપામાં કોલમ લખનાર ખલીલની ખરી તાકાત તેમની અર્થસભર ગઝલો છે. તેમની ગઝલમાં સરળતા પણ છે અને ઊંડાણ પણ છે બંને સંગ્રહનું વિમોચન કરનાર ગઝલપ્રેમી ડૉ. પ્રકાશ કોઠારીએ આનંદ અને ગૌરવની લાગણી અનુભવતા કહ્યું હતું કે ગઝલમાં બોલચાલની ભાષા હોઈ શકે એ ખલીલ ધનતેજવીની ગઝલ પૂરવાર કરે છે. આ શાયર રોદણા રડ્યા વિના મુફલિસીને રજૂ કરી શકે છે, જે સાચી સર્જકતાનું પ્રતીક છે. આ પ્રસંગે તેમણે ઘાયલ, મરીઝ, ગની દહીંવાલા, રજની પાલનપુરી, શૂન્ય, આસિમ રાંદેરી વગેરે શાયરો સાથેના સંસ્મરણો તથા ચુનંદા શેરો રજૂ કર્યા હતા. સૈફ પાલનપુરીની ગઝલ ખુશ્બૂમાં ખીલેલા ફૂલ હતા, તેમના જ અંદાજમાં જ્યારે પ્રકાશ કોઠારીએ રજૂ કરી ત્યારે હોલ વન્સમોરથી ગાજી ઊઠ્યો.

શ્રીમતી ચંદનબેન બાપાલાલ લહેરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ વતી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત કનુભાઈ શાહે પ્રસન્નતા વ્યક્ત કરતા કહ્યું કે ખલીલભાઈ મુશાયરામાં હંમેશા હુકમનું પાનું હોય છે. તેમની ગઝલોમાં ખેલદિલી, ખુમારી, વ્યંગ સાથે જોરદાર રજૂઆત પણ વણાયેલી છે. શાયરી એમની સંપત્તિ છે. તેમને ગમે એટલી વાર સાંભળીએ તોય તરસ છીપાતી નથી.

પ્રતિભાવ આપતા ખલીલ ધનતેજવીએ ગઝલ લખવા કરતા પણ ગઝલ સાંભળવાની કળાને અઘરી ગણાવી હતી. મુંબઈના કદરદાન પ્રેક્ષકોનો આભાર માન્યો હતો. મધ્યાંતર પછી 'એક શાયરનો મુશાયરો' કાર્યક્રમમાં તેમણે સતત સવા કલાક સુધી પોતાની ગઝલો રજૂ કરી શ્રોતાઓના દિલ જીતી લીધા. ઉપસ્થિત દર્શકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી ખલીલ ધનતેજવીને વધાવી લીધા. છેલ-પરેશના સંનિવેશમાં ગુજરાતી ગઝલને રળિયાત કરનાર શાયરોની તસવીરોએ મુશાયરાનો માહોલ સજીવન કર્યો હતો.

## આદિલ મન્સૂરી અને મનહર મોદીના જીવનકવન વિશે યોજાયો પરિસંવાદ

અમદાવાદ ખાતે ગુજરાતી સાહિત્ય અકાદમી અંતર્ગત 'વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર'ના ઉપક્રમે ગુજરાતી ગઝલકારો આદિલ મન્સૂરી અને મનહર મોદીના જીવન-કવન સંદર્ભે ૧૮મે ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને આયોજિત પ્રથમ બેઠકમાં રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા આદિલ મન્સૂરીના કવિકર્મ વિશે તથા ઈન્દુ પુવાર દ્વારા આદિલ મન્સૂરીના નાટકો વિશે રજૂઆત થઈ હતી. કાર્યક્રમમાં ચિનુ મોદીના અધ્યક્ષપદે બીજી બેઠકમાં સુભાષ શાહે મનહર મોદીની કવિતા વિશે તથા રશીદ મીરે મનહર મોદીની ગઝલો વિશે રસપ્રદ રજૂઆત કરી હતી. સ્વાગત તથા આભારદર્શન હર્ષદ ત્રિવેદીએ કર્યા હતાં. આ પ્રસંગે આ બંને કવિઓ વિશેની લઘુફિલ્મો પણ બતાવવામાં આવી હતી.





અમદાવાદના ક્રોસવર્ડ ખાતે 'અમદાવાદ અને સંગીતનો નાતો' વિષય પર યોજાયેલાં પરિસંવાદમાં આરતી મુનશી, સૌમિલ મુનશી, શ્યામલ મુનશી અને તુષાર શુક્લએ અમદાવાદનાં સુરીલા સંગીતની નજીકથી ઓળખ આપી હતી.

## સાબરમતી નિરંતર જેને હૈયે નિર્મળ વહે...

# સુરીલાં સંગીત વિશે યોજાયો પરિસંવાદ

તા. ૩જી જૂન ક્રોસવર્ડ, એસ.જી.હાઈ–વે, અમદાવાદ ખાતે 'આપણું અમદાવાદ... સુરીલું અમદાવાદ'ના કલાકાર અને સર્જક સાથે મુલાકાતનું આયોજન કરાયું હતું. અમદાવાદ પોતાની અંદર એટલું બધું વૈવિધ્ય સમાવીને બેઠું છે કે, તેના કોઈ પણ એક વિષયને લઈને ઘણું બધું કહેવાય એવું છે. અમદાવાદની ૬૦૧ વર્ષની સંગીતયાત્રા ઝીલતા 'આપણું અમદાવાદ સુરીલું અમદાવાદ' આલબમમાં પુસ્તક, ડીવીડી અને ઓડિયો સીડીનો સમાવેશ થાય છે. આ પરિસંવાદમાં શ્યામલ–સૌમિલ, આરતી મુનશી તથા કવિ તુષાર શુક્લએ અમદાવાદ અને એના સંગીત વિશે ચર્ચા કરી હતી. અમદાવાદમાં ક્યાં ક્યાં અને કેવી રીતે સંગીત સમાયેલું અને સચવાયેલું છે તેની પણ વાત કરી હતી. આલબમમાં અવિનાશ વ્યાસ, તુષાર શુક્લ, આદિલ મન્સૂરી, શ્યામલ મુનશી, અને માધવ રામાનુજે અમદાવાદ પર લખેલાં ગીતોને શ્યામલ–સૌમિલ મુનશી દ્વારા સ્વરબદ્ધ કરાયા છે જ્યારે આ પુસ્તકનું લેખનકાર્ય કવિ તુષાર શુક્લએ કર્યું છે. સૌમિલ મુનશીએ 'આપણું અમદાવાદ સુરીલું અમદાવાદ'ની સર્જન યાત્રા પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે 'કાંકરિયા કાર્નિવલમાં અમદાવાદ પર ગીત ગાવાના પ્રસંગથી શરૂ કરીને આ આલબમના સર્જનની સફર અને લોકાર્પણ સુધીની સંગીતયાત્રા એક યાદગાર અનુભવ છે'. તેમણે 'હસ્તાક્ષર' આલબમ દરમિયાનના જગજીતજી સાથેના અનુભવને પણ વાગોળ્યા હતા. સંગીતની પા પા પગલીથી લઈને આજ સુધીની પોતાની યાત્રામાં તેમના માર્ગદર્શક એવા ગુરુજનોના યોગદાનને પણ મહત્ત્વનું ગણાવ્યું હતું. જ્યારે શ્યામલ મુનશીએ પોતાની આગવી શૈલીમાં અમદાવાદીના રમૂજી મિજાજને દર્શાવતાં ગીતો 'અમદાવાદની અસર એટલે કરકસર', 'અમદાવાદના રસ્તા પર એવું થાય ગમે ત્યારે ગમે ત્યાંથી આવે ગાય' જેવી રચનાઓ સાથે જોડાયેલા અમદાવાદીઓના વિચારને વાચા આપી હતી. આરતી મુનશીએ શાળામાં સંગીતની મહત્તા જણાવી હતી. તુષાર શુક્લએ પુસ્તકનાં અંશોનું પઠન કરતા કહ્યું કે, સંગીત અમદાવાદના કણકણમાં વસે છે. તેનું જીવંત ઉદાહરણ રેસ્ટોરાની બહાર વાગતી વાંસળીથી લઈને ગ્રાન્ડ ભગવતીમાં વાગતો ગ્રાન્ડ પિયાનો છે તેવું તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત પરિસંવાદના અંતે તમામ કલાકારો સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રખાયો હતો. જેમાં સંગીતરસિકોએ અમદાવાદ અને તેના સંગીત વિશે પ્રશ્નો પૂછીને જાણકારી મેળવી હતી.



અક્ષરોત્સવમાં પૂ. મોરારિબાપુએ કહ્યું કે, શબ્દની અસરનું કારણ એ જ છે કે, શબ્દ ઊગી શકે છે, એનું કારણ કે એ જીવંત છે. પ્રત્યેક શબ્દને પોતીકા રસ, રંગ, રૂપ, ગંધ અને સ્પર્શ હોય છે એને કારણે જ પ્રત્યેક શબ્દને પોતાનું વ્યક્તિત્વ છે, પોતીકી અસર છે.

## શિષ્ટ સાહિત્ય અને ઈષ્ટ સાહિત્યનું મિષ્ટ મિલન

# અક્ષરોત્સવમાં ગવાયો શબ્દનો મહિમા

તા. ૧૭મી મે ગુરુવારે અમદાવાદ ખાતે એચ.કે. કોલેજના ઓડિટોરિયમમાં એક અનોખો કાર્યક્રમ યોજાઇ ગયો. ચારણી સાહિત્યના અભ્યાસુ વિદ્વાન અને સર્જનશક્તિથી ધબકતા કવિ જીતુદાન ગઢવી આયોજિત આ કવિ સંમેલનની વિશેષતા હતી એક જ મંચ પરથી શિષ્ટ સાહિત્ય અને ઈષ્ટ સાહિત્યનું મિષ્ટ મિલન ગુજરાતી કાવ્ય સાહિત્યના સન્માનનીય સર્જકો સર્વશ્રી રાજેન્દ્ર શુક્લ, માધવ રામાનુજ અને હર્ષદ ત્રિવેદી સાથે લોકસાહિત્યના મરમી બાબુભાઇ રાણપુરા 'બાબલ' અને જીતુદાન ગઢવીના કાવ્યપાઠ ઉપસ્થિત ભાવકોને માટે અનોખો અનુભવ સિદ્ધ થયો. કવિ તુષાર શુક્લે કાવ્યપાઠ ઉપરાંત સમગ્ર કાર્યક્રમનું સંકલન કાર્ય પણ સંભાળ્યું હતું.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત પૂ. મોરારિબાપુએ પોતાના માનનીય પ્રવચનમાં શબ્દોનો મહિમા ગાયો અને શબ્દના આરાધક એવા સર્જકોની સર્જકતાને મન મૂકીને નવાજી. પૂ. બાપુના મતે પ્રત્યેક શબ્દમાં 'બીજ' હોય છે, જે શ્રોતા–વાચકના મન–હૃદયમાં વવાય છે અને ત્યાંની ધરા અને પ્રાપ્ત અનુકુળતા અનુસાર એ વિકસે છે. શબ્દની અસરનું કારણ એ જ છે, કે શબ્દ ઊગી શકે છે, એનું કારણ કે એ જીવંત છે. પ્રત્યેક શબ્દને પોતીકા રસ, રંગ, રૂપ, ગંધ અને સ્પર્શ હોય છે અને એને કારણે જ પ્રત્યેક શબ્દને પોતાનું વ્યક્તિત્વ છે, પોતીકી અસર છે.

સમાજના વિવિધ સ્તરના ભાવકોની ઉપસ્થિતિ માટે મનભર વરસેલા પૂ. બાપુનું વક્તવ્ય સૌને માટે સંભારણું બની રહ્યું.



## નિર્મિશ ઠાકર વધુ એક વાર લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં !

સુરતના જાણીતા કાર્ટૂનિસ્ટ નિર્મિશ ઠાકર આ વર્ષે ફરી એક વાર 'લિમ્કા બુક ઓફ રેકોર્ડસ્' માં સ્થાન પામ્યા છે. ગયે વર્ષે શીર્ષક 'ફિલ્મસ્ટાર્સ ઈન કાર્ટૂનવર્લ્ડ' સાથે એમનું કાર્ટૂન પ્રદર્શન જૂન માસમાં ફિલ્મ કલાકાર ફારુખ શેખ દ્વારા ઉદ્‌ઘાટિત થયેલું, જેમાં ભારતમાં સૌ પ્રથમ ફિલ્મ દર્શાવનાર લ્યુમિયેર બંધુઓથી માંડી આજ સુધીની ભારતીય ફિલ્મોનો ઇતિહાસ ૨૩૦ કેરિકેચર્સ દ્વારા દર્શાવાયેલો. નિર્મિશનો આ વન મેન શો, આ પ્રકારનો ભારતનો પ્રથમ વન મેન શો સિદ્ધ થતાં, એમનો વધુ એક રાષ્ટ્રીય રેકોર્ડ 'લિમ્કા બુક ઓફ રેકોર્ડસ્–૨૦૧૨' માં સ્વીકૃતિ પામ્યો છે. અગાઉ સાહિત્યકારોનાં ૨૫૪ વ્યંગચિત્રોનું પ્રદર્શન પટણામાં યોજાયેલું, જે એ પ્રકારનું ભારતનું પ્રથમ પ્રદર્શન સિદ્ધ થતાં, 'લિમ્કા બુક ઓફ રેકોર્ડસ્–૨૦૧૦' માં સ્થાન પામેલું.

## અંજલિ

### કલાનગરીના મંચ પરથી રંગ, સૂર-તરંગમાં ધબકતા ઉમદા કલાત્માની વિદાય

# મહારાજા રણજિતસિંહજી ગાયકવાડ



**'કળા કોઈ પણ હોય એ આત્માથી પરમાત્મા સુધી જવાની એક સાધના જ છે'.** આ શબ્દો હતા સંસ્કાર અને કલાની નગરી વડોદરાના રાજવી શ્રીમંત મહારાજા રણજિતસિંહજી ગાયકવાડનાં. ૯ મે, બુધવારના રોજ તેમનું અવસાન થયુ છે. ઉટી (ઉટાકામંડ) કેરળ ખાતે જન્મેલા વડોદરાના રાજવી શ્રીમંત મહારાજ રણજિતસિંહજી ગાયકવાડે રોયલ એકેડમી ઓફ આર્ટસ યુ.કે માં ડિપ્લોમા ઇન આર્ટસની પદવી મેળવી હતી. મહારાજા રણજિતસિંહજી બે વાર વડોદરાના સાંસદ તરીકે પણ ચૂંટાયા હતાં. કલાસંગીતમાં રુચિ ધરાવતા હોવાથી એમ.એસ. યુનિવર્સિટી, ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં તેમણે પ્રાધ્યાપક તરીકે પણ સેવા આપી હતી. તેઓ ક્રિકેટમાં પણ રુચિ ધરાવતાં હતાં. લાંબા સમયથી કિડની કેન્સરને કારણે માંદગીનો શિકાર હતાં.

૧૯૮૯માં રાજકારણ છોડ્વાની પાણી મૂકીને પ્રતિજ્ઞા લેનાર મહારાજા રણજિતસિંહજી ગાયકવાડનો આર્ટિસ્ટ તરીકે પુનઃજન્મ થયો હતો. કલાજગતમાં રણજિતસિંહજી પોતાની વાસ્તવિક કલાશૈલીમાં ઇમ્પ્રેશનીઝમની પ્રબળ છાપ ધરાવતાં હતાં. તેમના ડ્રોઈંગ્સમાં ઇમ્પ્રેશનીઝમનો પ્રભાવ દર્શાવતા પેચિસ અને સંતુલિત લય દર્શાવતી ભાવનાત્મક રેખાઓ કલાત્માની વિશેષ ઓળખ બની ગઈ હતી. તેમના ચિત્રોના એક્ઝિબીશન પણ યોજાતા હતાં.

**મહારાજા રણજિતસિંહજી સંગીતના જાણકાર હતાં. સુગમ સંગીતના ઉમદા ગાયક હતા. સુગમ સંગીતના ગુજરાતી, હિન્દી અને મરાઠીમાં ગીતો, ભજનો અને કોઈવાર ફિલ્મી ગીતો પણ ગાતાં ત્યારે શ્રોતાઓની ભરપૂર દાદ મેળવતાં.**



### સરિતા જોશીને ગુજરાત ગૌરવ એવોર્ડ એનાયત

એટલાન્ટા સ્થિત સરદાર પટેલ ભવન ખાતે યોજાયેલા નાટ્ય સમારંભમાં ગુજરાતી નાટ્ય તખ્તાના જાણીતા કલાકાર સરિતા જોશીને જાણીતા લેખક મધુરાયના હસ્તે 'ગુજરાત ગૌરવ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સંતુરંગીલી, કુમારની અગાસી, શરત, ખેલંદો જેવા સફળ ગુજરાતી નાટકોના લેખક, મધુરાયના હસ્તે સરિતા જોશી કે જેઓ ગુજરાતી રંગમંચની દુનિયામાં 'સંતુરંગીલી' તરીકે ઓળખાય છે. તેમનું 'ગુજરાતી ગૌરવ' ચંદ્રક એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.



# સફળતાની સફરમાં
# 62મું મુકામ




Since 1950

ab JEWELS

... આપનું ગર્વ!

## એ બી જ્વેલ્સ્

શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. (અમારી બીજી કોઈ શાખા નથી)

ફોનઃ 079-26742525 / 26 • email: benchmark@abjewels.com

Like us on f / abjewels

ડાયમંડ

પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર

**અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મોલ**

TRITON